

કહાન સંવત—૯ □ (૫૪૯) ❊ આત્મધર્મ ❊ (અંક—૧ વર્ષ—૪૬) □ વીર સં. ૨૫૧૫ જુલાઈ ૧૯૮૯

# પરમાગમ-ચિંતામણિ

* વ્યવહારમાર્ગમાં સ્થિત અમે ભક્તિમાં તત્પર થઈને જિનદેવ, જિનપ્રતિમા, ગુરુ, મુનિજન અને શાસ્ત્ર આદિ સર્વને માનીએ છીએ. પરંતુ નિશ્ચયથી અભેદ ( અદ્વૈત )નો આશ્રય લેવાથી પ્રગટ થયેલ ચૈતન્ય-ગુણથી પ્રકાશમાં આવેલી બુદ્ધિના વિસ્તારરૂપ તેજ સહિત અમારે માટે કેવળ આત્મા જ ઉત્કૃષ્ટ તત્ત્વ રહે છે.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, પરમાર્થ વિંશતિ, શ્લોક-૧૨ )

* આ ( પ્રશસ્ત રાગ ) ખરેખર, જે સ્થૂલ-લક્ષ્યવાળો હોવાથી કેવળ ભક્તિપ્રધાન છે એવા અજ્ઞાનીને હોય છે, ઉપરની ભૂમિકામાં ( -ઉપરનાં ગુણસ્થાનોમાં ) સ્થિતિ પ્રાપ્ત ન કરી હોય ત્યારે, અસ્થાનનો રાગ અટકાવવા અર્થે અથવા તીવ્ર રાગજ્વર હઠાવવા અર્થે, કદાચિત જ્ઞાનીને પણ હોય છે. ( શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૧૩૬ )

* કષાયો ઘણા પાતળા થવા છતાં પોતાના જ સાથીઓ સાથે મત્સરતા પ્રાયે સર્વના હૃદયમાં રહ્યાં કરે છે. એ માત્સર્યભાવ સહેજમાં છૂટી શકતો નથી તેથી તે દુર્જય છે. સહાધ્યાયી સહધર્મી પ્રત્યેની મત્સરતાનો—અદેખાઈનો વિજય એ જ એક મહાન કષાય-દાવાનળનો વિજય છે. નથી સમજાતું કે પોતાના જ સહાધ્યાયી સહધર્મી મિત્રો પ્રત્યે આવો માત્સર્ય અર્થાત્ અદેખાઈભાવ કેમ વર્તતો હશે? પણ અહો અજ્ઞાન! તારું માહાત્મ્ય કોઈ અકથ્ય છે.

( શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૨૧૫ )

* વાદ-પ્રવાદ આદિને છોડીને અધ્યાત્મનું—આત્માના પરમરૂપનું —ચિંતવન કરવું જોઈએ. અંધકારનો સમૂહ નાશ પામ્યા વિના જ્ઞાન જ્ઞેયમાં પ્રવર્તતું નથી. વાદ-પ્રવાદાદિ બધાં અંધકાર છે કે જે શુદ્ધાત્માના ચિંતવનમાં બાધક છે.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, મોક્ષ અધિકાર, ગાથા-૩૮ )

( અનુસંધાન માટે જુઓ પાનું-૨૬ )

કહાન
સંવત-૯
વર્ષ-૪૬
અંક-૧
[૫૪૯]




વીર
સંવત
૨૫૧૫
સં. ૨૦૪૫
July
A. D. 1989

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ભવનું બીજ : રાગ સહિત પોતાને માનવો

[શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાયની આ ૧૪ મી ગાથા છે. તેમાં સંસારનું મૂળ કારણ શું છે તે બતાવે છે.

एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव ।
प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम् ॥ १४ ॥

આ ભગવાન આત્મા શુદ્ધ આનંદમય ચીજ છે તે પુણ્ય-પાપના રાગ, શરીરાદિથી ભિન્ન છે. આત્માની દશામાં વિભાવ શુભ અશુભભાવ થાય છે તે કર્મના સંગના નિમિત્તે થાય છે પણ તે સ્વાભાવનું કાર્ય નથી.

જીવમાં થતો શુભ કે અશુભરાગ તે કર્મના નિમિત્તે થતો ઉપાધિભાવ છે અને શરીર, કુટુંબ, લક્ષ્મી આદિ પણ કર્મના નિમિત્ત મળેલી સંયોગીચીજ છે.

હિંસા, જૂઠું, ચોરી આદિનો અશુભરાગ હો કે દયા-દાનાદિનો શુભરાગ હો તેનો કર્તા અજ્ઞાની જીવ પોતે છે પણ આ ભાવ દોષરૂપ છે, વિભાવ છે-વિકાર છે, મેલ છે માટે તેનું નિમિત્ત કોઈ હોય જ. તે નિમિત્ત કોણ છે?—કે કર્મ નિમિત્ત છે; પણ ભગવાન આત્મામાં આ રાગાદિ કે શરીરાદિ નથી.

શ્રોતા :—ક્યારે નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અત્યારે જ આત્મા શરીર અને રાગાદિથી રહિત છે, અસંયુક્ત છે

કારણ કે શરીર, વાણી, મન આદિ અજીવ તત્ત્વ છે અને રાગાદિ આસ્રવતત્ત્વ છે તે બંને જીવતત્ત્વથી ભિન્ન તત્ત્વ છે.

પુણ્યનો ભાવ ભલે તે પ્રભુની ભક્તિનો હો, મહાવ્રત પાળવાનો ભાવ હો, કરુણાનો કે સેવાનો ભાવ હો, શાસ્ત્ર સાંભળવાનો કે શાસ્ત્ર કહેવાનો ભાવ હો પણ તે રાગ છે અને તેમાં કર્મનું નિમિત્ત છે માટે તે ઉપાધિભાવ છે. તેનાથી આત્મા સંયુક્ત ન હોવા છતાં સંયુક્ત માને છે તે અજ્ઞાની છે.

પૂર્ણાનંદનો નાથ પ્રભુ—ભગવાન આત્મા ચૈતન્ય સમાધિસહિત છે તે વિકારી પરિણામ અને શરીરાદિથી રહિત સ્વાભાવિક તત્ત્વ છે. છતાં અજ્ઞાની જીવોને મિથ્યાદૃષ્ટિમાં હું રાગથી અને શરીરથી સહિત છું એમ ભાસે છે. અજ્ઞાની જીવ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય આદિથી હું સહિત છું એમ માને છે તે મિથ્યાત્વભાવ સંસારમાં રખડવાનું બીજ છે.

ભગવાન આત્મા પુણ્ય-પાપનાં ભાવથી રહિત છે. તેને પુણ્ય-પાપભાવવાળો માનવો તે મિથ્યાત્વભાવ છે. સંસારમાં રખડવાનું બીજ છે. અજ્ઞાની જીવે, નિર્મળ ચિદાનંદ ભગવાનનું ભાન નહિ હોવાથી પુણ્ય-પાપના ભાવ અને શરીર, કર્મ, વૈભવ આદિમાં મારાપણું કરીને મિથ્યાત્વ સેવ્યું છે. આ મિથ્યાત્વ એ જ અધર્મ છે, મિથ્યાત્વ એ જ સંસાર છે. મિથ્યાત્વ એ જ આસ્રવ છે. મિથ્યાત્વ એ જ આકુળતા છે અને મિથ્યાત્વથી જ દુઃખ છે. અનંતકાળથી સંસાર ચાલ્યો આવે છે. તેનું કારણ આ મિથ્યાત્વભાવ જ છે.

મિથ્યાત્વથી દુઃખ કેમ? કે જે પોતાની ચીજ નથી તેને પોતાની માનવાથી સંસારમાં નરક, નિગોદ આદિ ગતિના દુઃખ જ મળે છે. પણ અજ્ઞાની જીવને મિથ્યાત્વનું પાપ શું છે અને તેનું ફળ શું છે તેની ખબર નથી અને કાંઈક હિંસા કરીએ, વિષય ભોગવીએ તો પાપ છે—એમ સ્થૂળ પાપને પાપ માને છે. પણ ખરેખર તો આત્મા પોતાનો નિજસ્વભાવ છોડી પોતામાં નથી એવી ચીજને વિષય બનાવે અને તેનાથી પોતાને સહિત માને એવી મિથ્યાબુદ્ધિ એ જ વ્યભિચાર છે. તે જ મોટું પાપ છે.

અનંતકાળમાં કરવાનું કાંઈ બાકી રહી ગયું હોય તો તે આ સત્ય સમજવાનું રહી ગયું છે. તે સિવાય દયા, દાન, વ્રત, ભક્તિ, સેવા, પૂજા, સ્તુતિ....તો અનંતવાર જીવે કર્યાં છે. અનંતવાર દીક્ષા લીધી છે. દ્રવ્યલિંગી સાધુ થઈ ને શુભ રાગની ક્રિયા બધી પાળી, પંચમહાવ્રત પાળ્યાં પણ આ ક્રિયા અને રાગાદિભાવથી મારો આત્મા રહિત છે—એમ કદી જાણ્યું નથી.

बालिशानां એટલે અજ્ઞાની-પોતાની જાતનો અજાણ અને કજાતને પોતાની જાતમાં ભેળવનાર મૂર્ખ અજ્ઞાની છે. તેને અશુભ અને શુભ-વિકારીભાવોમાં પોતાપણું ભાસે છે

તે પ્રતિભાસ જ ખરેખર સંસારનું બીજ છે. અરે! ભગવાનની ભક્તિ, સ્તુતિ અને ભગવાનનું સ્મરણ એ પણ નિજભાવ નથી, વિકારીભાવ છે. તેમાં એકત્વબુદ્ધિ તે સંસારનું બીજ છે.

ચૈતન્યદેવ રાગથી રહિત છે છતાં અજ્ઞાનીને રાગ સહિત ભાસે છે. એ પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે. ચાહે તો એ રાગ ભલે દુનિયાનું ભલું કરી દેવાનો, પરોપકાર કરવાનો કે દાન દેવાનો હોય પણ તે નિજભાવ નથી. દાનના ભાવ અને દાન-યોગ્ય વસ્તુ બંનેથી આત્મા રહિત છે. છતાં તેનાથી સહિત માનવો તે પ્રતિભાસ સંસારનું બીજ છે.

બહું ટૂંકા શબ્દોમાં ધર્મની અને અધર્મની વ્યાખ્યા અહીં આપી દીધી છે પણ જીવને ગળે ઉતરવી કઠણ પડે છે. અમે મંદિર બંધાવ્યા...અમે પુસ્તક બનાવ્યા....અમે દાનમાં પાંચ લાખ આપ્યા....એમ અજ્ઞાનથી પોતાથી રહિત ચીજને સહિત માને છે પણ પોતાથી રહિતને, રહિત માનતો નથી.

વ્યવહારરત્નત્રયનો વિકલ્પ અને તેનો વિષય દેવ-શાસ્ત્ર-ગુરુ તથા અશુભરાગ અને તેનો વિષય સ્ત્રી, પુત્ર પરિવાર આદિ તે બંનેથી આત્મા રહિત છે. આ વકીલાતના ધંધામાં દલીલ કરવી તે જડની ક્રિયા છે અને તેમાં જે રાગભાવ છે તે વિકાર છે. તે જડની ક્રિયા અને વિકારથી આત્મા રહિત છે છતાં સહિત માનવો તે અજ્ઞાન છે.

કોઈને અનાજ, સાકર, બદામ આદિનો ધંધો હોય, કોઈને કપડાનો ધંધો હોય, તો અહીં કહે છે કે એ બધી ચીજોથી તું રહિત છો. કપડા આદિના અસ્તિત્વમ આત્માનું હોવાપણું નથી અને આત્માના હોવાપણામાં કપડા આદિનો ધંધો નથી. કોઈએ જમીન રાખી હોય તો અહીં કહે છે એ જમીન અને તેની પેદાશથી આત્મા રહિત છે-ત્રણેકાળ રહિત છે. તેને સહિત માનવો તે જ સંસારનું બીજ છે. બી હોય તો વૃક્ષ થાય છે ને! તેમ આ મિથ્યાત્વભાવના બીજમાંથી સંસારરૂપી વૃક્ષ ફાલે છે. નરક, નિગોદ આદિ ચારગતિનું ફળ આ મિથ્યાત્વભાવથી જ મળે છે.

પ્રભુ! તું તો જ્ઞાન-આનંદ આદિ શુદ્ધ ગુણોનો ભંડાર છો તેને અશુદ્ધતા સહિત માનવો એ જ ભવનું બીજ છે.

ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પૂર્ણાનંદના ધામ પરમાત્માની વાણીમાં એમ આવે છે કે અમારી સ્તુતિનો તને જે રાગ છે તે રાગથી તું રહિત છો. તેને બદલે રાગથી સહિત પોતાને માનવો તે ભવનું બીજ છે. જુઓ! પરદ્રવ્ય કે કર્મ ભવનું કારણ છે એમ ન કહ્યું પણ અજ્ઞાનીને પોતાની જાતનું અભાન છે અને કજાતમાં પોતાપણારૂપ અજ્ઞાન છે એ જ ભવનું કારણ છે એમ કહ્યું છે. 'અપનેકો આપ ભૂલકે, હૈરાન હો ગયા.'

ચૈતન્યબિંબ પ્રભુ તું તો જગતચક્ષુ છો. તું પોતે જગતરૂપ નથી. આખી દુનિયા

અને રાગ એ જગતરૂપ છે તેનાથી તું સહિત નથી, રહિત છો. છતાં તને તું કર્મ જનિતભાવોથી સંયુક્ત ભાસે છે–મેલવાળો ભાસે છે જ એ પ્રતિભાસ જ તારા ભવનું કારણ છે.

નવા કર્મ બંધાય તેનું નિમિત્ત જીવના શુભાશુભ વિકારીભાવ છે અને શુભાશુભ-વિકારીભાવનું નિમિત્ત કર્મ છે. તેથી આ આત્મા નિજ સ્વભાવભાવની અપેક્ષાએ કર્મજનિત અનેક પ્રકારના ભાવોથી જુદો જ ચૈતન્યમાત્ર વસ્તુ છે.

શબ્દો સરળ છે પણ ભાવો ઘણાં અલૌકિક છે. વિકાર થવામાં કર્મનું નિમિત્ત છે માટે તેને કર્મજનિત વિભાવભાવ–ઉપાધિભાવ કહેવાય છે અને નિજસ્વભાવ તેનાથી ભિન્ન છે. જ્યાં જીવના વિકારીભાવને પણ પર કહ્યો ત્યાં પરદ્રવ્યને મારા ક્યાંથી કહેવાય? પણ બહારમાં જરી પ્રતિકૂળતા આવે ત્યાં હું દુઃખી થઈ ગયો અને અનુકૂળતા મળે ત્યાં હું સુખી એમ માને છે પણ ભાઈ અનુકૂળ–પ્રતિકૂળ સંયોગ એ તો જ્ઞેય છે, પરચીજ છે, પાંચ–દશ લાખ રૂપિયા આવ્યા હોય અને ચાલ્યા જાય તો વાણિયા વાતુ કરે કે અરે, આવ્યા સમાય પણ ગયા પોસાય નહિ.

શ્રોતાઃ —પૈસા જાય એ કાંઈ કોઈને ગમે!

પૂજ્ય ગુરુદેવ :—એ જ કહીએ છીએ કે પૈસા આવે તોય એના કારણે આવે છે અને જાય તોય એના કારણે જાય છે. એ ક્યાં તારી ચીજ છે? એ તો અજીવતત્ત્વ છે.

અરે! તું પ્રભુ છો ને! તારામાં પ્રભુતા ભરી છે અને તું પામરતાનો ધણી થાય છો, એ તો તારી મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. પાંચ–પચીશ હજાર મળે ત્યાં ખુશી થાય છે 'મૂકો લાપશીના આંધણ' અરે, ભગવાન! તારા ઘરે તો અગ્નિ સળગે છે. આ પૈસા મને મળ્યા અને મારાં છે એમાં તો મિથ્યાત્વની આકુળતાથી તું સળગે છે.

ધણી મરે ત્યાં બાઈ દુઃખાણી એમ કહે છે ને! અહીં કહે છે ચૈતન્યભગવાન દૃષ્ટિમાં મરી ગયો એ ખરેખર દુઃખાણો છે. પણ એની ખબર ન મળે અને ધણી મરે, પૈસો જાય, શરીરમાં રોગ થાય, વીમાવાળો ભાંગે, ધંધો ઘટે ત્યાં એને એમ લાગે કે હું દુઃખી થઈ ગયો. ભાઈ! આ તારા માપવાના ગજ ખોટા છે. પ્રતિકૂળતા આવે તે દુઃખનું લક્ષણ નથી પણ આ પ્રતિકૂળતા મને આવી એવી જે માન્યતા તે જ મિથ્યાત્વનું મહાદુઃખ છે.

સુખિયા જગતમાં સંત, દૂરીજન દુખિયા રે...

જેણે રાગ અને પરને પોતાના ન માન્યા અને સ્વભાવને જાણ્યો તે જીવ ભલે નરકમાં હો તો પણ સુખી છે. છન્નુ હજાર રાણી અને છન્નુ કરોડ પાયદળવાળો ચક્રવર્તી જો તેને પોતાના માને છે તો દુઃખી છે અને સાતમી નરકનો નારકી હોય પણ તેને જો પર અને રાગથી ભિન્ન આત્મામાં એકત્વ છે તો તે સુખી છે.

આ તો ભગવાનના ઘરના કહેણ છે બાપુ! તું તારા આત્માનો સ્વીકાર કર-આત્માને વર! રાગને ન વર. આવા ઊંચા મનુષ્યભવ મળ્યા તેમાં આત્માની સંભાળ કરી લે. કાંઈ ભગવાન પાસે દીનતા કરવાથી પણ આત્મા મળે તેમ નથી. હે ભગવાન! હવે તો હાથ ઝાલો એમ કહેનારને ભગવાન કહે છે કે 'આ જ તારી મૂર્ખાઈ છે.' ભગવાન પરદ્રવ્ય છે અને ભગવાન પ્રત્યે લક્ષ જાય તે રાગ-વિકાર છે. તેમાંથી તરવાનો ઉપાય શોધે એ ક્યાંથી મળે?

ભગવાન આત્માનો નિજસ્વભાવ તો જ્ઞાન, આનંદ. શાંતિ, પ્રભુતા આદિ અનંત શુદ્ધ ગુણસ્વરૂપ છે. આવા નિજસ્વભાવની અપેક્ષાએ કર્મના નિમિત્તે થતાં રાગાદિ ભાવ જીવથી તદ્દન જુદા છે.

હવે ટીકાકાર દૃષ્ટાંત આપે છે કે લાલ ફૂલના નિમિત્તે સ્ફટિક લાલરંગ રૂપે દેખાય છે પણ તે સ્ફટિકનો નિજભાવ નથી.

'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ
શ્રી જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ.'

સ્ફટિક જેમ નિર્મળ છે તેમ આત્મા ઝળહળજ્યોતિ નિર્મળાનંદ ભગવાન છે. લાલફૂલના નિમિત્તે થતી લાલાશ સ્ફટિકના નિર્મળસ્વરૂપમાં પ્રવેશતી નથી, લાલાશ ઉપર ઉપર દેખાય છે. જેમ પાણીના દળ ઉપર તેલનાં ટીપા ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં તેનો પ્રવેશ નથી. તેમ ભગવાન જ્ઞાનાનંદનું દળ છે. તેમાં પુણ્ય-પાપની લાલાશ ઉપર-ઉપર દેખાય છે. તે આત્માના સ્વભાવમાં પ્રવેશતી નથી. માટે પુણ્ય-પાપભાવ તે મારા નથી.

શ્રોતા :—આ બધાં ભાવ મારા નથી તો તેને ક્યાં નાખવા?

પૂજ્ય ગુરુદેવ :—મારા માનતો હતો તે માન્યતા છોડીને હું તો ચિદાનંદ સ્વરૂપ છું એમ માનવું. બીજી કાંઈ નાખવા-કાઢવાની વાત નથી. પોતાના ભાવ નો'તા અને પોતાના માન્યા હતાં તે માન્યતા જ બદલવાની છે. બીજો કાંઈ ફેરફાર કરવાનો નથી.

આ દવાનું જ્ઞાન, વકીલાતનું જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન એ બધાંથી આત્મા રહિત છે. જો એ આત્માનું જ્ઞાન હોય તો તેનાથી આત્માને આનંદ આવવો જોઈએ પણ એ આત્માનું જ્ઞાન નથી. આત્મા તેનાથી રહિત છે. છતાં સહિત માનવો તે ચોરાશીના અવતારમાં રખડવાનું બીજ છે.

મિથ્યાત્વ જેવું કોઈ પાપ નથી, મિથ્યાત્વ જેવો કોઈ અધર્મ નથી અને મિથ્યાત્વ જેવું કોઈ નરક-નિગોદનું બીજ નથી. સમજાણું કાંઈ!

જ્ઞાની ભોગમાં અને ચક્રવર્તીના પદમાં દેખાય પણ તે એ પદમાં નથી અને

અજ્ઞાની બહારથી ત્યાગી દેખાય પણ તેણે ખરેખર કાંઈ ત્યાગ્યું નથી. કેમ કે તેને સંયોગથી જુદા આત્માના સ્વરૂપનું ભાન નથી.

માણેક જેમ લાલરંગનું છે તેમ સ્ફટિક લાલરંગનું નથી પણ રત્નના અપરીક્ષકને લાલ ઝાંયને કારણે સ્ફટિક જ લાલ છે એમ ભાસે છે. તેવી રીતે કર્મના નિમિત્તે આત્મા રાગાદિરૂપે પરિણમે છે તે રાગાદિ આત્માના નિજભાવ નથી. તીર્થંકર ગોત્રને યોગ્ય ભાવ થાય તે પણ નિજભાવ નથી. અહિંસા, સત્ય આદિ ભાવો પણ જીવના નિજભાવ નથી. એમ ધર્મી તો બરાબર જાણે છે પણ અજ્ઞાની–અપરીક્ષક જીવ તેને નિજભાવ માને છે. જે ભાવથી પોતે રહિત છે તેનાથી પોતાને સહિત માનીને અજ્ઞાની ચૈતન્યના નિર્મળાનંદ-સ્વરૂપને કલંક લગાડે છે.

બાપુ! સંસારના બીજને છોડવું અને મોક્ષના બીજને પકડવું એ કાંઈ નાની વાત નથી. અનંતકાળમાં આ કાર્ય જીવે કર્યું નથી. આવે છે ને, 'દીન ભયો પ્રભુ પદ જપે, મુક્તિ કહાંસે હોય!' હે નાથ! હવે તો ઉગાર પ્રભુ! આ દુઃખડા સહ્યાં જતા નથી. એમ દીનતા કરે છે તેને પ્રભુ કહે છે ભાઈ! આ દુઃખને તારા માનવાનું મેં તને કહ્યું નથી. જેને આત્મામાં આવવું હોય તેણે પુણ્ય–પાપની લાગણીના લૂંગડા છોડીને આવવું પડશે.

જેને શરીરની શક્તિ હોય તે ઉપવાસમાં ચડી જાય છે, બુદ્ધિ વધારે હોય તે વાતો કરતાં શીખી જાય છે અને પૈસાવાળા હોય તે દાનમાં ઊતરી જાય છે અને તેમાં જ ધર્મ માનવા લાગે છે પણ એ ત્રણેય ચીજથી જુદા આત્માના ધર્મને કોઈ ઓળખતું નથી. ચૈતન્ય પ્રભુ તો પોતાના જ્ઞાનાનંદની શુદ્ધતામાં બિરાજે છે તે રાગમાં આવતો નથી.

કાંઈક ગુરુની કૃપા થઈ જાય અને પરમેશ્વરની દયા થઈ જાય તો ધર્મ થાય. શું પરમાત્મા દયા વગરના હોય! એમ કરીને મિથ્યાદૃષ્ટિ ગુરુઓએ જગતને ભ્રમણાના ભંડારમાં ઉતારી દીધું છે.

જેમ લાલ ફૂલના સંગે સ્ફટિકમાં લાલ ઝાંય દેખાય છે પણ તે લાલાશ સ્ફટિક-મણિની નિર્મળતામાં પેસી ગઈ નથી તેમ, કર્મના નિમિત્તે થતાં શુભાશુભ વિકલ્પ આત્માની શુદ્ધતામાં પેસી જતાં નથી. આવા નિજસ્વભાવને ઓળખે તેને ધર્મ થાય છે. આ પરમાત્માનો મારગ છે. રાગાદિ આત્માના સ્વરૂપમાં પેઠા વગર ઉપર ઉપર ઝલકરૂપે દેખાય છે. ચૈતન્યબિંબમાં રાગ પેસી શકતો નથી. તે રાગ ભલે દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાનો હો, પંચમહાવ્રતનો હો કે શાસ્ત્રભણતરનો હો એ બધો રાગ ઉપર ઉપર તરે છે, સ્વભાવમાં પેસતો નથી. આવા સ્વભાવની દૃષ્ટિ કરીને અનુભવ કરવો તે ધર્મ છે.

# પરમાત્માના સ્વરૂપનું પ્રકાશન

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૧૯ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ ભાગની ગાથા ૨૮ નો આ શબ્દાર્થ ચાલે છે. આ પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા કેવો છે કે જેમાં ઇન્દ્રિયજનિત સુખ-દુઃખના ભાવનો અભાવ છે તે કહે છે.

આત્મા તો આકુળતા રહિત અતીન્દ્રિયસુખ સ્વરૂપ છે. તેનાથી વિપરીત પાંચ ઇન્દ્રિયના લક્ષે થતાં હરખ–શોકના, સુખ-દુઃખના ભાવ વસ્તુસ્વરૂપમાં નથી. આવા આત્મા ઉપર દૃષ્ટિ કરવાથી આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની પ્રાપ્તિ થાય છે.

પાંચ ઇન્દ્રિયના વિષયોના લક્ષે જે સુખ-દુઃખની કલ્પના થાય છે તે વસ્તુના સ્વભાવમાં નથી. સુખ-દુઃખના ભાવ છે જ નહિ એમ નથી કહેવું. ભાવ તો છે પણ સ્વભાવમાં તે ભાવનો અભાવ છે એમ કહેવું છે. 'બ્રહ્મ સત્ અને જગત્ મિથ્યા' એમ નથી. ઇન્દ્રિયો છે, ઇન્દ્રિયના વિષયો પણ છે અને તેના લક્ષે થતી સુખ–દુઃખની કલ્પના પણ છે પણ તે વસ્તુના સ્વભાવમાં નથી. વસ્તુનો સ્વભાવ તો વીતરાગ....વીતરાગ અનાકુળ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. તેની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન–જ્ઞાન અને મુક્તિ માર્ગ પ્રગટ થાય છે કેમ કે વસ્તુ પોતે મુક્તસ્વરૂપ છે.

આત્મા શરીર અને કર્મથી મુક્ત છે. તેમ ઇન્દ્રિય, ઇન્દ્રિયના વિષયો અને તેના લક્ષે થતી સુખ-દુઃખની કલ્પનાથી પણ મુક્ત છે. શુદ્ધાત્મસ્વરૂપમાં નિર્વિકલ્પ પરમાત્માથી વિલક્ષણ સંકલ્પ–વિકલ્પરૂપ મનોવ્યાપાર પણ નથી. આમ કહીને આચાર્યદેવ તત્ત્વને પણ સિદ્ધ કરતાં જાય છે કે સંકલ્પ–વિકલ્પરૂપ આસ્રવ તત્ત્વ છે પણ દ્રવ્ય સ્વભાવમાં–ચૈતન્ય-ભગવાનમાં તે આસ્રવ નથી.

વિકલ્પરહિત પરમાત્માથી મનનો વ્યાપાર જુદો છે. આવા પરમાત્માસ્વરૂપની દૃષ્ટિ થતાં મન, વિકલ્પ આદિનું જ્ઞાન થઈ જાય છે કે આ બધું છે પણ મારામાં એ કાંઈ નથી. જે એમ માને છે કે આ સંકલ્પ–વિકલ્પ મારામાં છે તેણે તો આસ્રવ અને આત્મા એ બે તત્ત્વને એક માની લીધાં, તે તો મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાની બંને તત્ત્વને જેમ છે તેમ જુદાં જાણે છે. દયા, દાન, વ્રતાદિના વિકલ્પ જ્ઞાનીને પણ હોય પણ તેને જ્ઞાની પોતાનો સ્વભાવ માનતાં નથી. આસ્રવભાવ છે એમ જાણે છે.

'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्' છે ને! તેનો અર્થ શું?

સાત તત્ત્વને સાતરૂપે શ્રદ્ધામાં લેવા તે સમ્યગ્દર્શન છે. ભગવાન ચિદાનંદ જ્ઞાયક-તત્ત્વથી સંકલ્પ-વિકલ્પ ભિન્ન તત્ત્વ છે. ત્રણકાળમાં તે કદી એક થતાં નથી. માટે ઇન્દ્રિય, ઇંન્દ્રિયના વિષયો, સુખ-દુઃખની કલ્પના અને મનના સંકલ્પ-વિકલ્પથી રહિત એવા આત્મારામને તું આત્મા જાણ! દયા-દાનાદિના વિકલ્પ ઉઠે છે તે આત્મા નથી.

વસ્તુસ્વરૂપ શું છે? તેનો પત્તો લગાવ્યા વગર તારું દુઃખ કેવી રીતે મટશે? બહારથી આચાર્ય, ઉપાધ્યાયની પદવી મળી જવાથી આત્મા મળતો નથી.

રાગની મંદતા એ તો આસ્રવ છે, તેનાથી આત્માની પ્રાપ્તિ થતી નથી. આત્માને પ્રાપ્ત કરવાનું સાધન આત્મામાં છે. જે સ્વભાવમાં નથી એવા આસ્રવરૂપ બાહ્યસાધનથી આત્મા પ્રાપ્ત થતો નથી. આ તો ચિદાનંદઘન નક્કર વસ્તુ છે. તેમાં પોલ ન ચાલે. આ કાંઈ પોપાબાઈનું રાજ્ય નથી કે બાહ્યસાધનથી અંતરવસ્તુ હાથમાં આવી જાય. વસ્તુમાં વિકલ્પનો પ્રવેશ નથી તો વિકલ્પના સાધન વડે વસ્તુ મળી જાય એમ ત્રણકાળમાં કદી ન બને.

પ્રભુ! તું જ્ઞાન આનંદસ્વરૂપ છો. તારે સુખ–શાંતિ અને સમાધાન જોઈએ છે ને! તું પોતે સુખસ્વરૂપ જ છો અને જ્ઞાનનો અંશ પ્રગટ છે ને! એવા પૂર્ણજ્ઞાનસ્વરૂપ જ તું છો. શાંતિ પણ તારા સ્વભાવમાં છે, કાંઈ બહારથી લાવવી પડે તેમ નથી. આવા જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને તું જાણ! જાણ એટલે ક્ષયોપશમજ્ઞાનમાં જાણ એમ નહિ ધારણાજ્ઞાનમાં જાણ એમ નહિ પણ વિકલ્પ રહિત શાંતદૃષ્ટિથી ભગવાન આત્માને જાણ! અનુભવમાં લે! અનુભવ થાય ત્યારે આત્માને જાણ્યો કહેવાય. શરીર, વાણી, મનનું લક્ષ છોડી, શુભાશુભ વિકલ્પનું પણ લક્ષ છોડી એક શુદ્ધાત્માના લક્ષપૂર્વક પ્રતીત, જ્ઞાન અને લીનતા કરે ત્યારે આત્માને જાણ્યો કહેવાય. નિર્વિકલ્પ શાંતિમાં આત્માનો અનુભવ કરતાં પોતાને ખ્યાલ આવી જશે કે અહો! માર્ગ તો અંદરમાં છે. આત્મામાં લીન થવું એ જ મોક્ષમાર્ગ છે.

યોગીન્દ્રદેવ કહે છે કે પરમાત્મસ્વભાવથી વિપરીત એવા પાંચ ઇન્દ્રિયના વિષય વગેરેને દૂરથી જ ત્યાગ! દૂરથી જ ત્યાગ એટલે કે મંદ કષાય મને કાંઈક મદદ કરશે એ વાત રહેવા દેજે. રાગનો મંદવિકલ્પ પણ અનુભવમાં સહાયક નથી.

વિકલ્પની આડમાં ભગવાન ચિદાનંદ બિરાજે છે. પ્રભુ! તારી પાસે જ પ્રભુ બિરાજે છે. તે તારાથી વેગળો નથી. આ તો સર્વજ્ઞ ભગવાને કહેલી વાત છે કે આત્મા પોતે અનંત અનંત ગુણનો રાશિ એક પરમાત્મા છે. દુનિયાના લોકોએ કલ્પનાથી કરેલી વાત નથી. આવા આત્માને પ્રાપ્ત કરવાનો એક જ ઉપાય છે. નિર્વિકલ્પ દૃષ્ટિ અને શાંતિ–સમાધિમાં આત્મા અનુભવમાં આવે છે તે સિવાય બીજા લાખ–કરોડ ઉપાય કરો તોપણ વ્યર્થ છે.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે અહીં નિર્વિકલ્પ સમાધિને દરેક જગ્યાએ વીતરાગ

વિશેષણ કેમ લગાવ્યું છે? તેનું સમાધાન આમ છે કે જ્યાં વીતરાગતા છે ત્યાં જ નિર્વિકલ્પ સમાધિ થાય છે. વીતરાગતા વિના માત્ર શૂન્ય જેવી દશામાં નિર્વિકલ્પ સમાધિ પ્રગટ થતી નથી. માટે વીતરાગ વિશેષણ લગાવ્યું છે.

આત્મા શરીરમાં રહેલો, અસંખ્યાત પ્રદેશી એક વસ્તુ છે. તે શૂન્ય નથી. આત્મા તો જ્ઞાનાનંદ, નિત્યાનંદ ભાવસ્વરૂપ વસ્તુ છે. તેની દૃષ્ટિ થાય ત્યારે વીતરાગી આનંદનો અંશ પ્રગટ થાય છે. જ્ઞાનનો અંશ પ્રગટ થાય છે. તેમાં આખા આત્માની પ્રતીતિ આવે છે. તે વખતે આત્મા વિકલ્પથી શૂન્ય છે પણ જ્ઞાન, આનંદ અને વીતરાગતાથી ભર્યો છે, શૂન્ય નથી. તે વખતની જાગૃતિ એવી છે કે આત્માની પ્રતીતિ કરી લે છે.

આત્મા એક અસ્તિત્વ ધરાવતી વસ્તુ છે. તેની પર્યાયમાં સર્વજ્ઞદશા પ્રગટ થાય છે. તેથી નક્કી થાય છે કે વસ્તુમાં સર્વજ્ઞશક્તિ પડી છે. આત્મા સર્વજ્ઞસ્વભાવી હોવાથી ત્રણકાળને જાણવાવાળો છે. પણ કોઈ કાળમાં તે કરવાવાળો નથી. ઈશ્વર ત્રણકાળનો જાણવાવાળો છે પણ કરવાવાળો નથી. એમાં જ તેની મહત્તા છે.

સર્વજ્ઞભગવાને સાત તત્ત્વ કહ્યાં છે તેમાં મહાન રહસ્ય છે. માત્ર એકલો આત્મા... આત્મા કર્યા કરે છે તે કાંઈ જાણતો નથી. એક આત્માની અસ્તિ સિદ્ધ થતાં સાતેય તત્ત્વની અસ્તિ સિદ્ધ થાય છે. આત્મા છે તો અજીવ પણ હોવું જોઈએ. આત્મા નિર્મળ છે તો મલિન તત્ત્વ પણ હોવું જોઈએ. એ મલિન તત્ત્વ એટલે આસ્રવ અને બંધતત્ત્વ, આત્મા પોતે જ્ઞાયક અને અજીવ જ્ઞેયતત્ત્વ છે. હવે એ અજીવ અને આસ્રવ-બંધનું લક્ષ છોડી 'આ હું જીવ છું' એવું લક્ષ થાય છે તે સંવર-નિર્જરારૂપ મોક્ષમાર્ગના અંકુર છે અને આત્મામાં પૂર્ણ લીનતા તે મોક્ષ છે.

એક—બે કલાક વાંચન કરતાં પણ જ્ઞાનમાં વિશેષતા આવે છે. ભલે વસ્તુ જ્ઞાનમાં ન આવી તોપણ ક્ષયોપશમજ્ઞાનમાં વિશેષતા આવે છે. તો પછી જેમાં આખી વસ્તુ-જ્ઞાયક ચિદાનંદ જ્ઞાનમાં જણાય ત્યારે પર્યાયમાં કાંઈક વિશેષતા તો આવે ને! એ વિશેષતા શું છે? કે રાગરહિત દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિનો અંશ છે. તે બતાવવા માટે વીતરાગ વિશેષણ લગાવ્યું છે. આત્માનું જ્ઞાન થાય અને અંશે વીતરાગતા, વસ્તુની પ્રતીતિ, અતીન્દ્રિયસુખ ન થાય એમ ન બને.

શંખ હોય તે શ્વેત જ હોય તેમ નિર્વિકલ્પ સમાધિ હોય તે વીતરાગ સમાધિ જ હોય. વીતરાગનો અંશ લઈને પ્રગટ થાય તેને જ નિર્વિકલ્પ સમાધિ કહેવાય. વીતરાગતા વિનાની સમાધિ ન હોય. વીતરાગસ્વરૂપ આત્મા વીતરાગતાના અંશ વગર પ્રતીતિમાં ન આવે.

વસ્તુનો સ્વભાવ હંમેશા નિર્દોષ જ હોય. પર્યાયમાં સદોષતા છે એ જ સંસાર છે. વસ્તુમાં સદોષતા ન હોય. પર્યાયમાં નિર્દોષતા આવે ત્યારે જ નિર્દોષ સ્વભાવનો પત્તો

લાગે છે. ચોથા ગુણસ્થાને આવી નિર્દોષ વીતરાગી પર્યાય પ્રગટ થાય છે તેમાં આત્માનો અનુભવ થાય છે. શુક્લધ્યાનમાં જ આત્માનો અનુભવ થાય અને ધર્મધ્યાનમાં ન થાય એ લોકોની ભ્રમણા છે.

હવે ૨૯મી ગાથામાં મુનિરાજ આત્માનું ક્ષેત્ર બતાવે છે કે વ્યવહારનયથી આત્મા દેહમાં રહેલો છે પણ નિશ્ચયનયથી આત્મા પોતાના સ્વભાવમાં જ રહેલો છે

અનુપચરિતઅસદ્ભુતવ્યવહારનયથી આત્મા પોતાથી ભિન્ન એવા શરીરમાં રહેલો છે. શરીર નજીકના સંબંધમાં રહેલું છે માટે અનુપચરિત, પણ શરીર પોતાની ચીજ નથી માટે અસદ્ભૂત અને વ્યવહારનય એટલે નિમિત્તથી કથન કરતાં એમ કહ્યું કે આત્મા શરીરમાં રહેલો છે. આ જુઠીનયનું કથન છે પણ વસ્તુસ્વરૂપની વાસ્તવિકનય—શુદ્ધનયથી જોતાં ભગવાન આત્મા દેહથી ભિન્ન પોતાના આત્મસ્વભાવમાં જ રહેલો છે.

વ્યવહારનયથી આત્મા દેહથી અભેદ છે, એમ કહેવાનો આશય એ છે કે આત્માને લોક સાથે કાંઈ સંબંધ નથી. આત્મા આખા લોકમાં રહેલો નથી પણ આત્મા શરીર સાથે એકક્ષેત્રાવગાહે રહેલો છે. એમ બતાવવા માટે આ નય છે.

વ્યવહારનયથી આત્મા દેહ સાથે અભેદ કહ્યો તે જ સમયે નિશ્ચયનયથી આત્મા દેહથી તદ્દન ભિન્ન અને પોતાના સ્વભાવથી અભિન્ન છે. આવા સ્વભાવથી અભિન્ન એવા જીવને હે જીવ! તું પરમાત્મા જાણ.

હે જીવ! તું તને જાણ. નિત્ય આનંદ જેનું એક રૂપ છે એવી વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને તારા આત્માને ભાવ. તારા આત્માનું ધ્યાન કર. તારાથી ભિન્ન એવા દેહ, રાગાદિથી તારે શું પ્રયોજન છે?

શરીર, રાગ અને આત્મા ત્રણેય એકક્ષેત્રાવગાહે રહેલાં છે. વ્યવહારનયથી શરીર અને આત્મા ભિન્ન છે. અશુદ્ધ-નિશ્ચયનયથી રાગ અને આત્મા અભિન્ન છે પરંતુ શુદ્ધનિશ્ચયનયથી શરીર અને રાગથી આત્મા ભિન્ન છે. માટે હે જીવ! તે શરીર અને રાગાદિથી તારે શું પ્રયોજન છે? આ તો પરમાત્મ પ્રકાશ છે ને! તેમાં પરમાત્માનું સત્ય સ્વરૂપ પ્રકાશમાં આવવું જોઈએ ને!

આત્મા શરીરથી ભિન્ન છે તેથી શરીર સારું હોય તો ધર્મ થાય અને શરીરમાં રોગ હોય તો ધર્મ ન થાય એ વાત જ ન રહી. તેમ રાગથી ધર્મ થતો નથી પણ વીતરાગથી ધર્મ થાય છે. અહિંસા પાળવાથી ધર્મ થાય એ વાત સાચી પણ એ કઈ અહિંસા? કે શરીર અને રાગથી ભિન્ન ભગવાન આત્માનો અનુભવ કરવો તે અહિંસા છે. જેટલો રાગ છે તેટલી હિંસા છે. પરની દયાનો ભાવ આવે છે પણ તે રાગ છે, તેમાં સ્વરૂપની હિંસા થાય છે.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૯ ]

# શુદ્ધ સ્વભાવનો આશ્રય કર

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ, શ્રી નિયમસાર શાસ્ત્રનો શુદ્ધભાવ અધિકાર ચાલે છે. તેમાં, શુદ્ધ દૃષ્ટિથી જોવામાં આવે તો સિદ્ધ અને સંસારીમાં કાંઈ ફેર નથી એમ ૪૮મી ગાથામાં કહ્યું. હવે ૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે.

શ્લોકાર્થ:—શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશા હોય છે; સમ્યગ્દૃષ્ટિને તો હંમેશા ( એવી માન્યતા હોય છે કે ) કારણત્વ અને કાર્યત્વ બન્ને શુદ્ધ છે. આ રીતે પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે તેને અમે વંદન કરીએ છીએ. ૭૨.

"મિથ્યાદૃષ્ટિ જીવને પોતાના સ્વરૂપ વિષે હંમેશા શંકા હોય છે."

મિથ્યાદૃષ્ટિ જીવને પોતાના આત્માના સ્વરૂપ વિષે શંકા રહે છે. આત્મા ત્રિકાળ જે શુદ્ધ કહ્યો છે તે શુદ્ધ હશે કે અશુદ્ધ હશે? એમ શંકા રહે છે. શરીર ને કર્મ જડપદાર્થો પર છે ને વિકાર એક સમય પૂરતો છે, એ સમયનો કદી ભેગો થયો નથી. વિકાર વિનાનો ત્રિકાળી આત્મા અંતર શુદ્ધ પડયો છે એની તેને શંકા રહે છે. શાસ્ત્રમાં અશરીરી, અતીન્દ્રિય, અવિનાશી, દ્રવ્યકર્મ, ભાવકર્મ વિનાનો આત્મા છે તેવો તેને બેસતો નથી. વર્તમાન વિકારને અજ્ઞાની ભાવી રહ્યો છે. જેમ તલને પીલવાથી તેલ નીકળે છે, કાંકરા પીલવાથી તેલ નીકળતું નથી. જેમ લીંડીપીપર કાચી ખાવાથી ૬૪ પહોરી તીખાશની ખબર પડતી નથી, જેમ મોરના ઇંડામાં મોર થવાની તાકાત છે તે ઈંડાને ખખડાવવાથી ખબર પડતી નથી. પણ તેની શક્તિમાંથી સાડા ત્રણ હાથનો મોર થાય છે, તે મોર બહારના કોતરામાંથી કે ઢેલના સેવવાથી થતો નથી, તેમ ભગવાન આત્મા વિકાર રહિત છે, તેની શક્તિમાંથી સ્વભાવ ફાટીને સિદ્ધ થાય છે. પુણ્ય-પાપના ભાવમાંથી સિદ્ધ થતો નથી પણ અજ્ઞાનીને વાત બેસતી નથી, નિમિત્ત હોય, શુભભાવ હોય તો સિદ્ધ દશા થાય એમ મિથ્યા માન્યતા તે કરી રહ્યો છે. તેથી તેનો સંસાર ચાલુ છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્નેને શુદ્ધ માને છે."

ધર્મી જીવને એવી પ્રતીતિ છે કે પરમાત્મા કે જેમણે કાર્ય પ્રગટ કર્યું તેમાં અને કારણપરમાત્મા જે અનાદિ અનંત મારામાં પડયો છે તેમાં કાંઈ ફેર નથી, બન્ને શુદ્ધ છે. પર્યાયમાં શુભાશુભભાવ હોવા છતાં સ્વભાવ કદી વિકારી થયો નથી. સ્વભાવ તો

સદા શુદ્ધ જ છે. મિથ્યા શ્રદ્ધા છોડી સમ્યક્ શ્રદ્ધા કરું મિથ્યાજ્ઞાન છોડી સમ્યગ્જ્ઞાન કરું એવો ભેદ કારણપરમાત્મામાં નથી. કારણતત્ત્વ એક સ્વરૂપે બિરાજે છે. તે સદાય શુદ્ધ છે ને કાર્યતત્ત્વ જે સિદ્ધને પ્રગટ થયું છે તે પણ શુદ્ધ છે, કારણતત્ત્વ ને કાર્યતત્ત્વમાં ફેર નથી, બન્ને શુદ્ધ છે એમ સમ્યગ્દૃષ્ટિ માને છે.

"પરમાગમના રહસ્ય જાણવાવાળી સુંદર બુદ્ધિવાળા ભાવલિંગીમુનિને નમસ્કાર."

આ રીતે ભગવાનની વાણીથી રચાયેલાં પરમ આગમોના ગંભીર અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ મુનિઓ સ્વયં જાણે છે તેને અમે વંદન કરીએ છીએ. પરમાગમોએ શું કહ્યું ? દયા-દાનાદિ વિકાર અસાર છે ને ત્રિકાળ જ્ઞાતાદૃષ્ટા શુદ્ધસ્વરૂપ એક જ સાર છે. મુનિઓને સારાસારની વિવેક બુદ્ધિ છે ને માને છે કે હું તો ત્રિકાળ શુદ્ધ છે. સમ્યગ્દૃષ્ટિપણું કે મિથ્યાદૃષ્ટિપણું, ત્યાગપણું કે અત્યાગપણું એ બધું પર્યાયમાં છે. સમ્યગ્દર્શનના ધ્યેયમાં એવો ભેદ નથી. સમ્યગ્દર્શનનું ધ્યેય અખંડ શુદ્ધ એક આત્મા છે, પુણ્ય-પાપ આદિ ભાવો આવે છે, તેને વ્યવહારે જાણે છે પણ તે વડે સમ્યગ્દર્શન ટકે છે અથવા ચારિત્ર વધે છે એમ માનતા નથી. પણ શુદ્ધસ્વભાવનાં અવલંબને તે ટકે છે ને વધે છે. તે એક જ મોક્ષનું સાધન છે એમ જાણે છે.

વળી આ વાતને મુનિ સ્વયં જાણે છે કોઈ શાસ્ત્રથી અથવા ગુરુથી જાણે છે એમ કહ્યું નથી પણ પોતાથી સ્વંય જાણે છે. એટલે મોક્ષ માટે સાધન હું છું બીજું કોઈ સાધન નથી. ટીકાકાર મુનિરાજ કહે છે કે એવા ધર્માત્મા ભાવલિંગી મુનિઓ જે સુંદર બુદ્ધિવાળા છે ને જે સારરૂપ તત્ત્વ સ્વયં જાણે છે તેમને અમો વંદન કરીએ છીએ. એ ટીકાકાર મુનિરાજની નિર્માનતા બતાવે છે.

આ સર્વભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;
સંસારી જીવ સમસ્ત સિદ્ધ સ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.

અન્વયાર્થ:—આ (પૂર્વોક્ત) બધા ભાવો ખરેખર વ્યવહારનયનો આશ્રય કરીને (સંસારી જીવોમાં વિદ્યમાન) કહેવામાં આવ્યા છે, શુદ્ધનયથી સંસારમાં રહેલાં સર્વ જીવો સિદ્ધ સ્વભાવી છે. ૪૯.

"જે જીવ પોતાની પર્યાયમાં રહેલાં રાગ-દ્વેષનું ને અધૂરાશનું યથાર્થ જ્ઞાન કરતો નથી તેને શુદ્ધાત્મદ્રવ્યનું જ્ઞાન પણ સાચું હોઈ શકે નહિ."

આ નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેયપણાનું પ્રકાશન (કથન) છે. પ્રમાણભૂત જ્ઞાનમાં શુદ્ધાત્મ દ્રવ્યનું તેમજ તેના જ પર્યાયોનું બન્નેનું સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ. પોતાને કથંચિત્ વિભાવ પર્યાયો વિદ્યમાન છે એવો સ્વીકાર જ જ્ઞાનમાં ન હોય તેને શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ. આત્મા દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ છે. તે વાત બરાબર છે પણ તેથી કરીને એક સમયનો રાગ પર્યાયમાં બિલકુલ નથી જ ને પર્યાયમાં પણ પૂર્ણતા વર્તે છે એમ માને તો પર્યાયનું સાચું જ્ઞાન નથી ને તેથી આખા દ્રવ્યનું પ્રમાણજ્ઞાન થતું નથી. સ્વભાવદૃષ્ટિથી કહેવાય કે વસ્તુસ્વભાવમાં ત્યાગ—અત્યાગ છે જ નહિ તેથી કરીને પર્યાયમાં પણ મુનિપણું ને વીતરાગીપણું છે એમ સમજે તો તે ખોટો છે. બનારસીદાસજીને તથા તેમના મિત્રોને પણ એમ થયું હતું ને તેથી વસ્ત્ર કાઢીને મુનિ થઈ ગયાનું માન્યું હતું.

"કરની કો રસ મિટ ગયો, ભયો ન આતમ સ્વાદ;
ભઈ બનારસી કી દશા જ્યો ઊંટકો પાદ."

પોતાની ભૂમિકા અનુસાર પર્યાયને સમજ્યા વગર અજ્ઞાની ભ્રાંતિ સેવે છે. પોતાની જે જે ભૂમિકા હોય ત્યાં ત્યાં વર્તતી પર્યાયનું જ્ઞાન કરવું જોઈએ. પર્યાયનો વિવેક હોવો જોઈએ. પર્યાયમાં કેવો કેવો રાગ વર્તે છે તેનું જ્ઞાન હોવું જોઈએ તેને વ્યવહારનય કહે છે. જે જીવ પર્યાયનું જ્ઞાન યથાર્થ કરતો નથી તેનું આત્માનું જ્ઞાન પણ સાચું નથી. માટે વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવા યોગ્ય છે. એવી વિવક્ષાથી જ અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે.

"પણ જે જીવ રાગ–દ્વેષનું જ્ઞાન કરી તેનો આશ્રય છોડી શુદ્ધ–દ્રવ્યનો આશ્રય કરે છે તેનું જ્ઞાન પ્રમાણ છે."

પણ વ્યવહારનયનો વિષય રાગ, પુણ્ય, પર્યાયની અધૂરાશ છે તેનો આશ્રય ગ્રહણ કરવા યોગ્ય છે એવી વિવક્ષાથી વ્યવહારનયને ઉપાદેય કહ્યો નથી. વિકાર, હીણીદશા, ઉઘાડ વગેરેનું જ્ઞાન કરવું પણ તેથી કરીને તેનાથી આગળ વધાશે એમ નથી. લાભ થશે એમ છે જ નહિ. વ્યવહારનયના વિષયનો આશ્રય છોડવા યોગ્ય જ છે. એમ સમજાવવા માટે ૫૦મી ગાથામાં વ્યવહારનયને સ્પષ્ટપણે હેય કહેવામાં આવશે.

જે જીવને અભિપ્રાયમાં પોતાના શુદ્ધ આત્માનો આશ્રય વર્તે છે ને નિમિત્તોનો, પુણ્ય–પાપનો તથા અધૂરી પર્યાયોનો આશ્રય વર્તતો નથી (જ્ઞાન વર્તે છે) તે જ જીવને દ્રવ્યનું તથા પર્યાયોનું જ્ઞાન સમ્યક્ છે એમ સમજવું, અન્યને નહિ. જેણે પુણ્ય–પાપ વિકાર, અધૂરી પર્યાયને હેય માની શુદ્ધ કારણપરમાત્માને ઉપાદેય માન્યો છે તેનું જ્ઞાન સમ્યક્ પ્રમાણ છે.

"સંસારી જીવો વ્યવહારનયથી શરીરના સંબંધવાળા છે, વિનાશી છે, અશુદ્ધ છે ને ઇન્દ્રિ ને કર્મના સંબંધવાળા છે."

પૂર્વે જે વિભાવ પર્યાયો 'વિદ્યમાન નથી' એમ પ્રતિપાદન કરવામાં આવ્યા છે તે બધા વિભાવ પર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે. ગાથા ૪૮ માં સંસારી જીવને સિદ્ધ સમાન કહ્યાં હતાં ને વિભાવ પર્યાયો વિદ્યમાન નથી એમ કહ્યું હતું. તે બધા વિભાવ પર્યાયો વ્યવહારનયથી એક સમય પૂરતા છે. તેનો તદ્દન અભાવ નથી. ત્યાં તો દ્રવ્યદૃષ્ટિથી સ્વરૂપ બતાવ્યું હતું, તેથી કરીને એક સમય પૂરતો પણ વિકાર નથી એમ માની બેસે તો વસ્તુનો વિરોધ થાય.

વસ્તુદૃષ્ટિથી જેનો નિષેધ કરવામાં આવ્યો હતો તે વ્યવહારથી એક સમય પૂરતા છે.

૧. ત્રિકાળી દૃષ્ટિથી સંસારી જીવને અશરીરી કહ્યો હતો તે જ જીવ વ્યવહારનયથી શરીરના સંબંધવાળો છે.

૨. ત્રિકાળી દૃષ્ટિથી સંસારી જીવને અવિનાશી કહ્યો હતો તે જ જીવ વ્યવહારનયથી વિનાશી છે. નર, નારકાદિ પર્યાયોના ગ્રહણ-ત્યાગ તેને હોય છે.

૩. સ્વભાવ દૃષ્ટિથી સંસારી જીવને અવિનાશી કહ્યો હતો તે જ જીવ વ્યવહારનયથી સંશયજ્ઞાન વાળો છે ને જ્ઞાનમાં ઇન્દ્રિયો સાથેના નિમિત્ત-નૈમિતિક સંબંધવાળો છે.

૪. સ્વભાવ દૃષ્ટિથી સંસારી જીવને નિર્મળ કહ્યો હતો તે જ જીવ વ્યવહારનયથી ક્ષયોપશમાદિ વિભાવભાવને લીધે મેલવાળો છે.

૫. સ્વભાવ દૃષ્ટિથી સંસારી જીવને વિશુદ્ધાત્મા કહ્યો હતો તે જ જીવ વ્યવહારનયથી અશુદ્ધ છે. રાગ-દ્વેષરૂપી ભાવકર્મો ને નિમિત્તરૂપે દ્રવ્યકર્મોના સંબંધવાળો છે.

એક સમય પૂરતો પર્યાયમાં વિકાર છે, ઊણપ છે ને કર્મ તથા શરીરની સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધવાળો છે. વ્યવહારથી પણ શુદ્ધ અને અતીન્દ્રિય માની લ્યે તો વસ્તુ વિરોધ થઈ જાય, માટે એક સમય પૂરતો વ્યવહારે આવો વિકાર ને કર્મ સાથે સંબંધ છે. એમ જ્ઞાન કરવું જોઈએ. જે પર્યાયમાં વિકાર છે તેનો દ્રવ્ય અપેક્ષાએ નિષેધ છે. વિકારનો તદ્દન અભાવ જ હોય તો નિષેધ કરવાનું રહેતું નથી માટે વ્યવહાર જ્ઞાન કરવા જેવો છે. આદરવા જેવો નથી.

વળી જેઓ (વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે તે બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણ-પર્યાયો વડે સિદ્ધ ભગવંતો સમાન છે. (અર્થાત્ જે જીવો વ્યવહારનયના કથનથી ઔદયિકાદિ વિભાવ ભાવોવાળા હોવાથી સંસારી છે તેઓ બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળા હોવાથી સિદ્ધ સદૃશ છે.)

"વ્યવહારનયથી સંસારી જીવો પર્યાયમાં વિભાવભાવવાળા છે."

સંસારી જીવો વ્યવહારથી ચાર વિભાવભાવોથી પરિણત છે. તેથી સંસારમાં રહ્યાં છે, મિથ્યાદૃષ્ટિ જીવને ઉપશમભાવ, ક્ષાયિકભાવ પ્રગટ નથી. રાગ–દ્વેષાદિ ઉદયભાવ કે ક્ષયોપશમભાવ–જ્ઞાનનું હીણાપણું છે. એટલે તે ભાવો પર્યાયમાં વર્તે છે ને ઉપશમ ને ક્ષાયિક ભાવોનો વિચાર કરે કે ઉપશમ ભાવ આવો છે ને કેવળજ્ઞાન આવું છે એમ વિકલ્પ ઉઠાવે ને તેવા વિકલ્પથી લાભ માને છે. તેથી ચારે ભાવોથી પરિણત કહે છે. ક્ષાયિક આદિ ભાવો નિર્મળ હોવા છતાં પર્યાય છે ને પર્યાયના લક્ષે રાગ થાય છે, ધર્મ થતો નથી; તેથી ક્ષાયિકભાવને વિભાવ ભાવ ગણેલ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેમાં કરું તો લાભ થાય તે વાત બેસતી નથી, પણ કાંઈક કરું તો લાભ થાય. વ્યવહારથી ને પુણ્યથી લાભ થાય તેવી પક્કડ તે મૂકતો નથી. વિકલ્પથી આત્માને લાભ થશે તેમ તે માની રહ્યો છે. તેથી તે વ્યવહારનયથી સંસારી છે.

"શુદ્ધ નિશ્ચયનયથી સંસારી જીવો સિદ્ધ સમાન શક્તિએ પરિપૂર્ણ ને શુદ્ધ છે."

તે બધા વિકારના ભેદો પર્યાયમાં પડે છે, શુદ્ધદૃષ્ટિથી જોવામાં આવે તો અભવિ સહિત બધા જીવો સિદ્ધ સમાન શુદ્ધ જ છે. સમ્યગ્દર્શનનું ધ્યેય ત્રિકાળી અખંડ શુદ્ધ આત્મા છે. શુદ્ધ આત્માને ગ્રહણ કરું ને રાગ–દ્વેષને છોડું એવો અવકાશ સ્વભાવમાં નથી. સંસાર હતો ને સંસાર છૂટયો, રાગ ગયો ને વીતરાગતા પ્રગટ થઈ, એ બધા ભેદો પર્યાયના છે. તે વ્યવહારનયનો વિષય છે. જીવની પર્યાયમાં મિથ્યાદર્શન હોય, ભેદથી લાભ માનતો હોય તોપણ તેનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ તો સિદ્ધ સમાન છે. પહેલાં ગુણસ્થાનથી ચૌદ ગુણસ્થાન સુધીના ભેદો વ્યવહારનયનો વિષય છે. કેવળજ્ઞાન પર્યાય ૧૩મું ગુણસ્થાન શુદ્ધ સ્વભાવમાં નથી. સિદ્ધ પર્યાય ગ્રહણ કરું એવું વસ્તુસ્વભાવમાં નથી. સંસારી જીવની એક સમયની વિકારી પર્યાયને ગૌણ કરો તો બધા જીવો સિદ્ધ સદૃશ છે. નાતની અંદર લ્હાણી કરે તો ગરીબ હોય કે તવંગર હોય પણ દરેકને સરખી લ્હાણી કરવામાં આવે છે. નાત અપેક્ષાએ બન્ને સરખા છે. તેમ નિગોદ ને એકેંદ્રિય જીવ હો કે સંસારી પંચેન્દ્રિય હો તોપણ એક સમયની પર્યાયને ગૌણ કરીને જોવામાં આવે તો શુદ્ધ દૃષ્ટિથી તે જીવ સિદ્ધ સમાન છે. આવી દૃષ્ટિ કરવી તે ધર્મનું કારણ છે.

"વ્યવહારનયનું જ્ઞાન કરી શુદ્ધ નિશ્ચય સ્વભાવનો આશ્રય કરવો તે ધર્મનું કારણ છે."

આ ગાથામાં પર્યાયનું જ્ઞાન કરાવ્યું કે પર્યાયમમાં વિભાવ ભાવો છે. છતાં પર્યાયને ગૌણ કરો તો સ્વભાવમાં વિભાવ નથી. એમ યથાર્થ જ્ઞાન કરે તો જ્ઞાન પ્રમાણ થાય છે.

જેમ તલમાં તેલ શક્તિરૂપે છે એમ ભાન ન કરે તો તલ પીસવાનો ભાવ ન કરે ને તલમાં તેલ શક્તિથી છે એમ કહ્યું તેથી પર્યાયમાં પણ તેલ છે એમ માની પૂરી તળવા માંડે તો કામ આવે નહિં. તેમ આત્મા સ્વભાવે શુદ્ધ છે એમ ખ્યાલ ન કરે તો શુદ્ધના લક્ષ વગર અશુદ્ધતા ટળે નહિ ને શક્તિએ શુદ્ધ કહ્યો તેથી પર્યાયમાં પણ શુદ્ધતા છે એમ માને તો પણ ખોટો છે. પર્યાયમા વિકાર છે, કર્મનું નિમિત્ત છે, શુભભાવ કરે તેમાં દેવ-ગુરુનું નિમિત્ત છે. વગેરે પર્યાયનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. છતાં તે અધૂરી દશા મારું ખરૂં સ્વરૂપ નથી. હું તો આનંદકંદ શક્તિવાન છું. મારામાં કારણશક્તિ છે તે પ્રગટ થઈને કાર્યરૂપ દશા પ્રગટશે એમ માનવું જોઈએ. બધા જીવો સ્વભાવે જિનવર સમાન છે. એમ લખાણ આવે ત્યાં પર્યાયમાં જિનવરપણું છે એમ માનવું ન જોઈએ, માટે પર્યાયનું જેમ છે તેમ જ્ઞાન કરી તે વિકાર મારા સ્વભાવમાં નથી, એમ શુદ્ધ સ્વભાવનો આશ્રય લેવો જોઈએ તો જ જ્ઞાન પ્રમાણ થાય છે. વ્યવહારનું જ્ઞાન કરવા જેવું છે. પણ વ્યવહારનો અશ્રય કરવા જેવો નથી પણ નિશ્ચય સ્વભાવનો આશ્રય કરવા જેવો છે. આ ગાથામાં વ્યવહારનયથી જ્ઞાન કરાવી પછી કહ્યું કે તે બધા વિભાવો વિદ્યમાન હોવા છતાં શુદ્ધ દૃષ્ટિથી બધા જીવો સિદ્ધ સદૃશ છે. આમ યથાર્થ જ્ઞાન કરી નિશ્ચય-સ્વભાવનો આશ્રય કરવો તે ધર્મનું કારણ છે. —*— (ક્રમશઃ)

[ પરમાત્મા... પેઈજ ૧૨ થી ચાલુ ]

દેહમાં રહેવા છતાં નિશ્ચયથી આત્મા દેહરૂપ થતો નથી. પર્યાયમાં રાગ થવા છતાં આત્મા નિશ્ચયથી રાગરૂપ થઈ જતો નથી. આત્મા તો અનાદિ અનંત જ્ઞાનાનંદસ્વરૂપ છે પણ તારી દૃષ્ટિ કદી સ્વભાવ ઉપર પડી નથી તેથી તેને તેનું ભાન નથી. આ નિજ શુદ્ધાત્મા જ તારે ઉપાદેય છે—આદર કરવા લાયક છે, ઉપાદેય એટલે અંગીકાર કરવા લાયક છે—તેમાં દૃષ્ટિ દેવા જેવી છે. માટે હે આત્મવીર ! તું શુદ્ધાત્માને જ ઉપાદેય કર.

—*— (ક્રમશઃ)

## નિવેદન :—

તા. ૧૯-૮-૮૯ થી તા. ૨૧-૮-૮૯ ના રોજ શ્રી કુંદકુંદકહાન પ્રવચન હોલનું ઉદ્ઘાટન તેમ જ ત્રણ દિવસીય શિક્ષણશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે મુમુક્ષુઓ સાદર નિમંત્રિત છે.

નિવેદક :—

શ્રી કુંદકુંદકહાન યુવક પરિવાર મંડળ, રાજકોટ

## સૂચના :—

દશલક્ષણીપર્યુષણપર્વ માટે જે મુમુક્ષુમંડળોને સોનગઢથી પ્રવચનકાર વિદ્વાન બોલાવવાની ઇચ્છા હોય તે મંડળોએ 'શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ૩૬૪૨૫૦' ને તા. ૫-૮-૮૯ સુધીમાં પત્રથી જાણ કરવી. વ્યકિતગત પત્ર ન લખવો.

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

લોકભાવના ચાલે છે, તેમાં જીવના જ્ઞાનગુણની પાંચ પર્યાયો છે, તેમાંથી શ્રુતજ્ઞાનમાં નયો હોય છે. 'નય'નું યથાર્થ સ્વરૂપ જૈનદર્શન સિવાય બીજે ક્યાંય હોય નહિ. વસ્તુ અનેકાંતસ્વરૂપ છે. તેનું યથાર્થજ્ઞાન કરવું તે ભાવશ્રુતપ્રમાણ છે. આત્માનો જ્ઞાનસ્વભાવ છે. શ્રુતજ્ઞાન તેની એક સમયની પર્યાય છે. તે શ્રુતજ્ઞાનમાં નય પડે છે. નય એટલે વસ્તુના એક અંશને જાણનારું શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાનનો અંશ તે નય છે. આત્મા સિવાય શરીરાદિ તો પર છે, તે પરથી ભિન્ન અનંત ધર્મસ્વરૂપ આત્મા વસ્તુ છે, તે અનંત ધર્મવાળી વસ્તુના પ્રમાણજ્ઞાનપૂર્વક તેના એકેક ધર્મને જાણે તેનું નામ નય છે. નય છે તે જ્ઞાનનો ઉપયોગ છે. તે એક ધર્મને મુખ્ય કરીને વસ્તુને જાણતી વખતે બીજા ધર્મોને ગૌણ રાખે છે, બીજા ધર્મોનો સર્વથા નિષેધ નથી કરતો.

વસ્તુ ત્રિકાળ શુદ્ધ હોવા છતાં પર્યાયમાં અશુદ્ધતા પણ છે, તેને જાણવી જોઈએ. પર્યાયમાં કેટલી શુદ્ધતા છે ને કેટલો રાગ છે, તથા નિમિત્ત કેવા છે તેનું જ્ઞાન કરવું જોઈએ. આત્માની કેવી દશા વખતે કેવા નિમિત્ત હોય ને કેવા નિમિત્તોનો સંગ છૂટી જાય તે જાણ્યા વગર પ્રમાણજ્ઞાન થાય નહીં. રાગ પણ પોતાની પર્યાયમાં થાય છે, તે પણ વસ્તુનો એક અંશ છે, તે અંશને પણ પોતાના અસ્તિત્વમાં જાણે છે. જો તે અંશ પરને લીધે માને તો પ્રમાણજ્ઞાન થતું નથી.

હું સ્વપણે છું ને પરપણે નથી, મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે હું સત્ છું ને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે હું અસત્ છું—એમ જાણવું તે પ્રમાણજ્ઞાન છે, અને ત્યાં અસ્તિને મુખ્ય કરીને જાણે ત્યારે "નાસ્તિત્વ" ગૌણ રહે છે. "આત્મા છે" એમ કહ્યું ત્યારે "પરપણે નથી" એવી નાસ્તિની વાત ગૌણ રહી જાય છે, એટલે તે નયનો વિષય છે. અહીં આગમની શૈલીથી સાત નયો વર્ણવશે, અધ્યાત્મદષ્ટિએ તો આ સાતે નયો વ્યવહાર છે. અધ્યાત્મદષ્ટિમાં તો શુદ્ધ અભેદ ત્રિકાળી દ્રવ્ય તે જ નિશ્ચયનયનો વિષય છે. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવના ભેદ પાડવા તે પણ વ્યવહાર છે. આગમમાં છ દ્રવ્યનું વર્ણન છે, ત્યાં પોતાના દ્રવ્ય-ગુણ પર્યાય તે નિશ્ચયનો વિષય છે. "આત્મા છે" તો તેમાં સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. એવો હેતુ છે. પોતાની અપેક્ષાએ આત્મા સત્ છે, પણ પરની અપેક્ષાએ આત્મા અસત્ છે.

કોઈ પૂછે કે—આત્મા છે? તો કહે કે હા! આત્મા સત્ છે, કયો હેતુ? કે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવની અપેક્ષાથી આત્મા સત્ છે. કોઈ પૂછે કે—આત્મા નથી? તો

કહે કે : હા આત્મા અસત છે. કયો હેતુ ? કે પરદ્રવ્ય ક્ષેત્ર-કાળ ને ભાવની અપેક્ષાએ આત્મા અસત છે. આ રીતે નયજ્ઞાન વડે વસ્તુના ધર્મો સિદ્ધ થાય છે.

જુઓ, આ ભાવનામાં કંટાળો નથી, પણ આનંદ છે. આ બારે ભાવનાઓ " भविकजन आनन्दजननी " છે. કેમ કે અંતરમાં અખંડ ચિદાનંદ સ્વભાવ ઉપર દૃષ્ટિ પડી છે, તેના જોરે ક્ષણે ક્ષણે ધર્મીને વીતરાગતા અને આનંદ વધતો જાય છે. વસ્તુસ્વરૂપ અનુસાર આ ભાવનાઓ ભાવતાં જ્ઞાનની એકાગ્રતા થતી જાય છે, ખેદ મટતો જાય છે, આનંદ વધતો જાય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું ભાન છે, આત્માનું ભાન છે, ને પછી જ્ઞાનની વિશાળતામાં બાર ભાવનાને ચિંતવે છે, ત્યાં શુદ્ધતા વધે છે. પણ બારે ભાવનામાં એકરૂપ ચિદાનંદ સ્વભાવનું અવલંબન છે. અનેકતાનું જ્ઞાન છે પણ એકતાનું જ અવલંબન છે, અભેદ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ રાખીને બાર ભાવના ભાવે છે. જો અભેદ આત્માની દૃષ્ટિ છોડીને એકલા ભેદની ભાવના ભાવે તો તે અજ્ઞાની છે. તેને યથાર્થ ભાવના હોતી નથી. અનેકપણાનું જ્ઞાન કરવું તે કાંઈ દોષ નથી, પણ સ્વભાવની એકતા ચૂકીને એકાંત ભેદનો આશ્રય કરવો તે મિથ્યાત્વ છે. વ્યવહારનય જ્ઞાન કરવા માટે છે પણ આશ્રય કરવા માટે નથી, જો વ્યવહારના આશ્રયે લાભ માને તો શુદ્ધ આત્માની દૃષ્ટિ રહેતી નથી. એટલે જૈનદર્શન જ રહેતું નથી. ને જો વ્યવહાર છે તેને જાણે જ નહિ તો એકાંત મિથ્યાજ્ઞાન થઈ જાય છે. વસ્તુસ્વભાવના ભાનપૂર્વક જ્ઞાનમાં આવી અનુપ્રેક્ષા કરવાથી વીતરાગતા વધતી જાય છે. યથાર્થ જ્ઞાનસહિતનો વૈરાગ્ય કેવો હોય ? તે જાણવું જોઈએ. એકલું " જ્ઞાન, જ્ઞાન " કરે ને વૈરાગ્યનું ઠેકાણું ન હોય તો તે એકાંત નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ છે. જેમ એકલો ક્રિયાકાંડી મિથ્યાદૃષ્ટિ છે, તેમ એકલા નિશ્ચયના જ્ઞાનની વાત કરે, પણ પર્યાયમાં ક્ષણે ક્ષણે સ્વભાવની દૃષ્ટિથી રાગ ઘટવો જોઈએ તેને ન માને, તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. વસ્તુના સ્વભાવને જેમ છે તેમ જાણે તો પર્યાયમાં ઘણો રાગ ઘટી જાય. નિશ્ચય અને વ્યવહાર બન્નેને યથાર્થ જેમ છે તેમ જાણવા જોઈએ. સાધકદશામાં વ્યવહાર છે, તેની ના પડાય નહીં ને નિશ્ચયનો આશ્રય છોડાય નહીં. તેથી અહીં નયોનું વર્ણન કરશે.

નય વસ્તુના એકધર્મને કઈ રીતે ગ્રહણ કરે છે ? તે કહે છે :—

नानाधर्मयुतं अपि च एकं धम्मं अवि उच्यते अर्थः ।
तस्यैकविवक्षातः नास्ति विवक्षा स्फुटे शेषाणां ॥ २६४ ॥

અર્થ :— પદાર્થ, નાના ધર્મથી યુક્ત છે તોપણ તેને કોઈ એક ધર્મરૂપ કહેવામાં આવે છે, કારણ કે એક ધર્મની જ્યાં વિવક્ષા કરવામાં આવે ત્યાં તે જ ધર્મને કહેવામાં આવે છે, પણ બાકીના સ્વધર્મની વિવક્ષા કરવામાં આવતી નથી. ૨૬૪.

વસ્તુ સત્ છે એમ કહ્યું ત્યારે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની વિવક્ષા કરવામાં આવે છે ને તે વખતે પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્‌પણું છે તે ધર્મની ગૌણતા છે. વસ્તુમાં તો સત્‌પણું ને અસત્‌પણું બન્ને ધર્મો એક સાથે છે. પણ નય તેમાં એક ધર્મની મુખ્યતા કરીને વસ્તુને જાણે છે.

ભાવાર્થ :— જેમ જીવ વસ્તુમાં અસ્તિત્વ નાસ્તિત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ, ચેતનત્વ, અમૂર્તત્વ આદિ અનેક ધર્મ છે. તે બધામાંથી કોઈ એક ધર્મની વિવક્ષાથી કહેવામાં આવે કે 'જીવ ચેતનત્વરૂપ જ છે' ઇત્યાદિ ત્યાં અન્ય ધર્મની વિવક્ષા નથી કરી પણ તેથી એમ ન જાણવું કે અન્ય ધર્મોનો અભાવ છે. પરંતુ અહીં પ્રયોજનના આશયથી તેના કોઈ એક ધર્મને મુખ્ય કરી કહે છે અન્યની અહીં વિવક્ષા નથી એમ સમજવું.

વસ્તુસ્વરૂપના ભાનપૂર્વકની આ બાર ભાવનાઓ છે તે સંવરના પ્રકારમાં આવે છે. આ ભાવના ભાવતાં સ્વભાવમાં એકાગ્રતા વધતી જાય છે. એનું નામ સંવર-નિર્જરા છે.

જીવ વસ્તુમાં તેમજ દરેક વસ્તુમાં પોતાથી અસ્તિત્વધર્મ છે, પરથી નાસ્તિત્વ છે, દ્રવ્ય અપેક્ષાએ એકપણું છે ને ગુણ-પર્યાય વગેરે ભેદની અપેક્ષાએ અનેકપણું છે. જીવમાં ચેતનપણું છે ને અન્ય પાંચ દ્રવ્યોમાં અચેતનપણું છે. જીવમાં અમૂર્તપણું છે. ઇત્યાદિ અનેક ધર્મો દરેક વસ્તુમાં છે. જીવમાં ચેતનપણું વગેરે અનેક ધર્મો એક સાથે હોવા છતાં પ્રયોજનવશ એક ચેતનત્વધર્મને મુખ્ય કરીને એમ કહેવું કે 'જીવ ચેતનરૂપ જ છે.' આ નયનું કથન છે. તેમાં ચેતનધર્મની મુખ્યતા કરી ને બીજા ધર્મોની વિવક્ષા ન કરી, તેથી બીજા ધર્મનો સર્વથા અભાવ ન સમજવો. પણ પ્રયોજનવશ કોઈ એક ધર્મને મુખ્ય કરીને કથન કરવામાં આવે છે એટલે નયોમાં પણ પ્રયોજન છે.

આગળ વસ્તુના ધર્મને તેના વાચક શબ્દને તથા તેના જ્ઞાનને નય કહે છે :—

सः एव एकः धर्म्मः वाचकशब्दः अपि तस्य धर्मस्य ।।
तत् जानाति तत् ज्ञानं ते त्रीणी अपि नयविशेषाः च ।। २६५ ।।

અર્થ :— વસ્તુનો (કોઈ) એકધર્મ, તે ધર્મનો વાચક શબ્દ તથા તે ધર્મને જાણનારું જ્ઞાન એ ત્રણે જ નયના વિશેષ (ભેદ) છે. ૨૬૫.

અહો ! આ આધ્યાત્મિક સંતોની વાણી છે. નય અને નયના વિષયની અભેદતાનો અનુભવ કરીને વસ્તુના ધર્મને પણ નય કહી દીધો છે. ચૌદ વર્ષ પહેલાં જ્યારે આ ગાથા વાંચી ત્યારે એમ થયું કે અહો ! આ અંદરની અધ્યાત્મની અલૌકિક વાત સંતોએ કરી છે !! નય અને નયના વિષયને અભેદપણે વર્ણવવો તે અધ્યાત્મની અપૂર્વ વાત છે,

સમયસારમાં પણ અભેદના અનુભવ અપેક્ષાએ નય અને નયના વિષયને અભેદ કરીને કહે છે કેઃ—

"નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની"

જુઓ, ત્યાં નિશ્ચયનય તે તો જ્ઞાનનો એક અંશ છે, તે તો પર્યાય છે, તે પર્યાયના આશ્રયે કાંઈ મુક્તિ નથી. પણ નિશ્ચયનય અને તેના વિષયરૂપ જે ત્રિકાળ અભેદ સ્વભાવ છે, તે અભેદ સ્વભાવના અનુભવમાં નય અને નયના વિષયનો ભેદ રહેતો નથી. માટે અભેદ અપેક્ષાએ કહી દીધું કે "નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની." અહો! સંતોની વાણી અંદરના ઊંડા અનુભવમાંથી નીકળેલી છે. જ્ઞાનના અંશને તો નય કહેવાય. પણ તે નયના વિષયરૂપ ધર્મને પણ "નય" કહેવો તેમાં રહસ્ય છે.

ભાવાર્થઃ—વસ્તુનું ગ્રહણ કરવાવાળું જ્ઞાન; તેનો વાચક શબ્દ તથા વસ્તુ, એને (એ ત્રણેને) જેમ પ્રમાણ સ્વરૂપ કહેવામાં આવે છે તેમ જ નય કહેવામાં આવે છે.

શબ્દ, અર્થ અને જ્ઞાન એ ત્રણે પ્રકારને નય કહ્યા છે. જેમ પ્રમાણ ત્રણ પ્રકારે છે તેમ નય પણ ત્રણ પ્રકારે છે. જે વાક્ય કહેતાં પ્રમાણ વસ્તુ ખ્યાલમાં આવી જાય તે વાક્યને પણ 'પ્રમાણવાક્ય' કહેવાય છે ને જે વાક્યમાં એક ધર્મનું કહેવાનું પ્રયોજન હોય તેને "નયવાક્ય" કહેવાય છે.

જેવી વસ્તુ, તેવું જ જ્ઞાન અને તેવી જ વાણી એમ ત્રણેનો મેળ છે. વસ્તુ સ્વરૂપને સમજવા માટે આ બધું જાણવું જોઈએ. ત્રિકાળી વસ્તુ શું છે? પર્યાય શું છે? પર્યાયમાં શુદ્ધતા ને અશુદ્ધતા કેવા કેવા પ્રકારો છે તથા તેના કેવા કેવા નિમિત્તો છે. તે બંધુય જાણવું જોઈએ. તો જ પ્રમાણજ્ઞાન થાય. અને પ્રમાણવાળાને જ નય હોય છે. દ્રવ્યદૃષ્ટિ હોય ત્યાં પણ આવું પ્રમાણજ્ઞાન ભેગું જ હોય છે. જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટીને અરાગી મુનિદશા પ્રગટી તેને તે મુનિદશામાં વસ્ત્રાદિ તો હોય જ નહીં. પણ અધઃકર્મી કે ઉદ્દેશિક આહારનો વિકલ્પ પણ હોતો નથી, ને નિમિત્ત તરીકે તેવો આહાર પણ છૂટી ગયો હોય છે. એ જ પ્રમાણે જે સમ્યગ્દૃષ્ટિ છે, તેને મિથ્યાત્વના નિમિત્તરૂપ કુદેવ, કુગુરુ કુશાસ્ત્રોનો ત્યાગ થઈ ગયો છે. જેને જે વાતનો રાગ છૂટયો તેને તે જાતનાં નિમિત્તો પણ છૂટી જાય છે. આ પ્રમાણે પર્યાયના નિમિત્ત—નૈમિત્તિક સંબંધને પણ બરાબર જાણવો જોઈએ. જો વસ્તુના બધા પડખાંને ન જાણે ને એકાંત એક જ પડખું પકડીને બેસે તો મિથ્યાદૃષ્ટિ છે. એમ કહે છેઃ—

ते सापेक्षाः सुनयाः निरपेक्षाः ते अपि दुर्नयाः भवन्ति ।
सकल व्यवहारसिद्धिः सुनयात् भवति नियमेन ॥ २६६ ॥

અર્થઃ—પ્રથમ પહેલાં ત્રણ પ્રકારના નય તે જો પરસ્પર અપેક્ષાસહિત હોય તો તે

સુનય છે. પરંતુ એ જ જ્યારે અપેક્ષારહિત સર્વથા એક એક ગ્રહણ કરવામાં આવે ત્યારે તે દુર્નય (મિથ્યાત્વ) છે. સુનયોથી સર્વ વ્યવહાર વસ્તુના સ્વરૂપની સિદ્ધિ થાય છે. ૨૬૬.

સામાન્યને જાણે પણ વિશેષ પર્યાયને જેમ છે તેમ ન જાણે તો તે મિથ્યાનય છે. જુઓ સમ્યગ્દર્શન થાય ત્યાં કુદેવાદિનો આદર હોય જ નહિ.—એમ તે પર્યાયને પણ જાણવી જોઈએ. સમ્યગ્દર્શન થયું હોય ત્યાં કુદેવાદિનું સેવન કે માંસાદિનો ખોરાક હોય એમ બને નહીં. આમ ન જાણે તો તેને વ્યવહારનું ભાન નથી. તેને એકાંત નિશ્ચયાભાસ થઈ જાય છે. નયનું જ્ઞાન બીજા પડખાની અપેક્ષાસહિત હોય છે. વાણીમાં એક ધર્મ કહ્યો તે વખતે બીજા ધર્મોની અપેક્ષા સહિતનું તે કથન છે. આત્મા શુદ્ધ ભગવાન જેવો છે એમ કહ્યું તે દ્રવ્યદૃષ્ટિ કરવાના પ્રયોજનથી કહ્યું છે. પણ તે જ વખતે પર્યાયમાં અશુદ્ધતા છે. તેની અપેક્ષા સહિતનું તે કથન છે. જો પર્યાયની અપેક્ષા છોડીને સર્વથા એકાંત કથનને પકડી લ્યો તો તેને નિશ્ચય—વ્યવહારનું જ્ઞાન નથી, એટલે તેને નિશ્ચય પણ ખોટો છે ને વ્યવહાર પણ ખોટો છે. વ્યવહારની અપેક્ષા વગરનો નિશ્ચય હોય નહિ ને નિશ્ચય વિનાનો વ્યવહાર હોય નહીં. વીતરાગમાર્ગમાં બન્નેને જેમ છે તેમ જાણવા જોઈએ, તો જ જ્ઞાન પ્રમાણ થાય છે. એ સિવાય ધર્મ થતો નથી. —*— (ક્રમશઃ)

## નવું પ્રકાશન :—

### (ગુજરાતી)

૧. સમયસાર પ્રવચન ભાગ ૧–૨
૨. સમાધિતંત્ર
૩. સમંતભદ્ર-સ્તોત્ર-ત્રયી
૪. પંચસ્તોત્ર
૫. જમ્બૂસ્વામી ચરિત્ર
૬. જૈનસિદ્ધાંત પ્રવેશિકા ગુટકો
૭. છ ઢાળા
૮. સત્તાસ્વરૂપ

### (हिन्दी)

૧. તત્ત્વજ્ઞાનતરંગિણી
૨. જૈન સિદ્ધાંત પ્રવેશિકા ગુટકો
૩. સિદ્ધચક્ર વિધાન પૂજા
૪. વ્રત વિધાનપૂજા સંગ્રહ
૫. છ ઢાળા
૬. બહેનશ્રીનાં વચનામૃત
૭. દશલક્ષણ વ્રત વિધાન
૮. પંચમેરુ નંદીશ્વર વિધાનપૂજા
૯. સત્તાસ્વરૂપ
૧૦. JAIN PRIMER

## પ્રેસમાં :—

૧. પંચાસ્તિકાય સંગ્રહ (હિન્દી)
૨. સમયસાર પ્રવચન ભા.-૩ (ગુજરાતી)
૩. " " ભા.-૫ "
૪. પદ્મનંદિ પંચવિંશતિકા "
૫. સ્વાધ્યાય-સંગ્રહ "
૬. તત્ત્વજ્ઞાનતરંગિણી (ગુજરાતી)
૭. મોક્ષમાર્ગ પ્રકાશક "
૮. રત્નકરંડ શ્રાવકાચાર "
૯. પ્રશ્નોત્તરમાળા "

## અધ્યાત્મનું સૂક્ષ્મ રહસ્ય :
## ભાવલિંગ પણ જીવનું સ્વરૂપ નથી

સ્ત્રી-પુત્ર-મિત્ર-ધનાદિ તો ક્યાંય રહ્યા પણ નગ્ન-દિગમ્બરદશા પણ આત્માનું સ્વરૂપ નથી. અરે! સાચી ભાવલિંગદશા-આનંદના સાગરમાં હિલોળા મારતી ભાવલિંગદશા તે પણ પરમ સૂક્ષ્મ શુદ્ધ-નિશ્ચયનયથી જીવનું વાસ્તવિક સ્વરૂપ નથી, તેને ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે. એમ કહીને નિમિત્તની, રાગની અરે! નિર્વિકલ્પ પર્યાયની દૃષ્ટિ છોડાવીને દ્રવ્યદૃષ્ટિ કરાવી છે.

[ શ્રી પરમાત્મપ્રકાશ, અધિ. ૧, ગાથા-૮૮ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા કે જે સમ્યગ્દર્શનનો વિષય છે. તેમાં દિગમ્બર, શ્વેતામ્બર, બૌદ્ધ આદિ એક પણ વેષ નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યનૂર જ્ઞાનનું પૂર છે. એવા આત્માને ધ્યાની મુનિ ધ્યાનારૂઢ થઈને ધ્યાવે છે. એવો આત્મા એક પણ વેષનો ધારી નથી. વ્યવહારનયથી આત્મા દ્રવ્યલિંગ ધારણ કરે છે તોપણ નિશ્ચયનયથી તે દેહનો છે, આત્માનો નથી, જીવને દેહ જ નથી તેથી દ્રવ્યલિંગ પણ જીવને નથી.

જેનાથી અનંત આનંદની પ્રાપ્તિ થાય એવી નિર્વિકલ્પ સમાધિ તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, તેનાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. વ્યવહારમોક્ષમાર્ગથી મોક્ષ થતો નથી. રાગમાં આત્મા દૂર હતો, નિશ્ચયમોક્ષમાર્ગમાં આત્મા સમીપ આવ્યો છે, પરંતુ અહીં તો કહે છે કે નિશ્ચયમોક્ષમાર્ગ પણ પર્યાય છે, તેથી તેને ઉપચારથી જીવનો કહેવાય છે. શરીરની ક્રિયા કે વ્યવહારરત્નત્રય તો ઉપચારથી પણ જીવના નથી. ત્રણલોકનું તિલક એવો ભગવાન આત્મા જે નિર્મળ વીતરાગી ધ્યાનની પર્યાયમાં જણાય છે, તે ધ્યાન-પર્યાયને ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે.

ત્રિકાળી વસ્તુસ્વભાવની સન્મુખ થઈને જે નિર્વિકલ્પ શાંતિની દશા પ્રગટી તે ઉપચારથી આત્માનું સ્વરૂપ છે. પ્રભુ! એકવાર સાંભળ તો ખરો! આ મનુષ્યપણું મળ્યું છે તો મનુષ્યપણામાં શું કરવું ?-કે ચિદાનંદપ્રભુના ધ્યાનથી જે વીતરાગી સમાધિ પ્રગટી તે સાધકદશા પણ ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે. એવો જે પરમોત્કૃષ્ટ પરમાત્મા તે હું છું એમ નિર્ણય કરવો. અરે! આ તો ભાગ્યશાળીને કાને પડે તેવી દુર્લભ વાત છે. જિંદગી ચાલી જાય છે, દેહની સ્થિતિ પૂરી થવાનો કાળ નિશ્ચિત છે, કરવાનું આ છે. દેહમાં સુખ નથી, અનુકૂળ સંયોગોમાં સુખ નથી, દયા-દાન-વ્રત-ભક્તિમાં કે

વ્યવહારરત્નત્રયમાં સુખ નથી, આનંદનો નાથ નિજ પરમાત્મતત્ત્વ તેની દૃષ્ટિ કરવી, તેનો મહિમા લાવીને સ્વીકાર કરવો તે કરવાનું છે. જ્ઞાનમાં-લક્ષમાં તો લે કે વસ્તુ આવી છે, પછી પ્રયોગ કર.

નગ્નપણું-દ્રવ્યલિંગ તો સર્વથા આત્માના નથી પણ જે મોક્ષમાર્ગ છે, જે જિનશાસન છે તે ભાવલિંગદશા કે જે શુદ્ધ પૂર્ણાનંદની પ્રાપ્તિમાં સાધક છે તેને પણ ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે. એમ કહીને નિમિત્તનું લક્ષ છોડાવ્યું, રાગનું લક્ષ છોડાવ્યું, અરે ! નિર્વિકલ્પ મોક્ષમાર્ગની પર્યાયનું પણ લક્ષ છોડાવ્યું છે.

ત્રિકાળી સ્વરૂપની સન્મુખ થઈને જે વીતરાગી પરિણતિ પ્રગટી તે ઉપચારથી આત્માનું સ્વરૂપ છે તેમ અહીં કહ્યું ત્યાં દેહની ક્રિયા કે દયા-દાન-ભક્તિ આત્માનું સ્વરૂપ ક્યાં રહ્યું ? તો પછી સ્ત્રી-પુત્ર, ભાઈ-બેન કે સ્નેહી-સંબંધી આત્માના છે, એ વાત તો ક્યાં રહી ! ભગવાન આનંદથી ભર્યો પડ્યો છે સ્વસંવેદનજ્ઞાનથી આનંદનો અનુભવ થાય છે, તે આનંદની પરિણતિ પણ આત્માનું સ્વરૂપ ઉપચારથી છે. મોક્ષનો સાચો ઉપાય-સાધકદશા તે પણ ઉપચારથી આત્માની કહેવાય છે તો બીજી કઈ ચીજ આત્માની હશે ? ઉપચાર ત્યારે કહેવાય કે મુખ્યનો જેમાં અભાવ હોય અર્થાત્ મુખ્ય એવા પુર્ણાનંદના નાથમાં નિર્વિકલ્પ ભાવલિંગદશાનો અભાવ હોવાથી અને તે શુદ્ધાત્મસ્વરૂપને સાધનારી હોવાથી તેને ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે. સ્વ-સન્મુખ દેખતાં જે પર્યાય ઉત્પન્ન થાય છે તે પણ વાસ્તવિક જીવ નથી ઉપચારિક જીવ છે.

પરદ્રવ્ય તો આત્માનું સ્વરૂપ નથી, રાગ તો તારો નથી પણ નિર્વિકલ્પ મોક્ષમાર્ગની દશા પણ તારું વાસ્તવિક સ્વરૂપ નથી, તે પણ ઉપચારથી આત્માનું સ્વરૂપ છે. અહીં તો દૃષ્ટિનો વિષય બતાવ્યો છે. તેથી દૃષ્ટિના વિષયમાં પર્યાય નથી તે અહીં બતાવ્યું છે. સમ્યગ્દૃષ્ટિનો વિષય સમ્યગ્દૃષ્ટિ નથી, દૃષ્ટિનો વિષય દૃષ્ટિ વિનાનું-પર્યાય વિનાનું દ્રવ્ય છે. તો પણ નિશ્ચય મોક્ષમાર્ગ સાધક હોવાથી તેને સદ્ભૂત ઉપચારનયથી જીવનું સ્વરૂપ કહ્યું છે.

મોક્ષમાર્ગની પર્યાય જેટલો તું નથી પણ પરમાત્માની પર્યાય-પૂર્ણપર્યાય જેટલો પણ તું નથી. નિર્વિકલ્પ ત્રિકાળી ધ્રુવ વસ્તુ તે તું છો. પરમપારિણામિક સ્વભાવભાવ ધ્રુવ વસ્તુ તે નિજ પરમાત્મા છે. આત્મા સ્વયં પરમાત્મા છે. નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય આત્માની ઉપચારથી કહેવાય છે.

દ્રવ્ય કેવું છે તેની પ્રતીતિ પર્યાયમાં આવી છે પણ દ્રવ્ય પોતે પર્યાયમાં આવ્યું નથી. દ્રવ્ય કેટલી શક્તિવાળું છે તેનું જ્ઞાન પર્યાયમાં આવ્યું પણ દ્રવ્ય પર્યાયમાં આવ્યું નથી. એ રીતે પર્યાય માત્રમાં દ્રવ્ય આવતું નથી તેથી નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર ઉપચારથી આત્માનું સ્વરૂપ કહેવાય છે. તો પણ પરમ સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનયથી તે આત્માનું સ્વરૂપ નથી. નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય તે પણ વ્યવહારથી આત્મા છે. ત્રિકાળી ધ્રુવ પરમાત્મા તે જ નિશ્ચયઆત્મા હોવાથી તેને દૃષ્ટિમાં લેવાનો છે. —❀—

( પરમાગમ ચિંતામણિ.... ટાઇટલ ૨ થી ચાલુ )

* હે જિનેન્દ્રદેવ! મારો આત્મા પ્રાણીઓ પ્રત્યે નિર્વેરબુદ્ધિ, ગુણી જીવો પ્રત્યે પ્રમોદભાવ, દુઃખી જીવો પ્રત્યે કરુણાભાવ અને વિપરીત વૃત્તિવાળા જીવો પ્રત્યે માધ્યસ્થભાવ નિરંતર ધારણ કરો.

( શ્રી અમિતગતિ આચાર્ય, સામાયિક પાઠ, શ્લોક-૧ )

* જો સાધુ-સ્વભાવી પુરુષ ઉન વ્યક્તિયોંકો ભી ક્ષમા કર દેતે હૈં જિન્હોંને ઉનકે પ્રતિ અક્ષમ્ય અપરાધ કિયે થે, ઉન સજ્જન પ્રાણીયોંકો હી વિવેકી મહાનુભવ ક્ષમાશીલ કહતે હૈં.

( શ્રી જટાસિંહનન્દિ આચાર્ય, વરાંગ ચરિત્ર, સર્ગ-૨૧, શ્લોક-૧૬ )

* જે સ્વશરીરના પોષણ અર્થે અથવા શિષ્યાદિના મોહથી સાવદ્યને ઇચ્છતો નથી તેને તો વૈયાવૃત્યાદિકમાં પણ સાવદ્યને ન ઇચ્છવું તે શોભાસ્પદ છે, પરંતુ જે બીજે તો સાવદ્યને ઇચ્છે છે પણ પોતાની અવસ્થાને યોગ્ય વૈયાવૃત્યાદિ ધર્મકાર્યમાં સાવદ્યને ઇચ્છતો નથી તેને તો સમ્યક્ત્વ જ નથી. ( શ્રી જયસેન આચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૨૫૦ )

* જબ ભાગ્યોદયસે પરમગુરુકા લાભ હોતા હૈ તબ વે દયાકે સાગર પરમાત્માકા સ્વભાવ ઉત્તમ પ્રકારસે દર્શાતે હૈં, વે બતાતે હૈં કિ યહ આત્મા નિશ્ચયસે શુદ્ધાત્મા હૈ; વે ગુરુ કર્મમલ રહિત પરમાત્માકા સ્વરૂપ ઝલકા દેતે હૈં. ( શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૨૪ )

* જીવનું નિજ સ્વરૂપ જે છે તે વીતરાગ છે—એમ વારંવાર જે કહે તે જ ગુરુપદવીએ સદા શોભે છે. ( શ્રી દીપચંદજી, આત્માવલોકન, શ્લોક-૨ )

* અતિશય વિશુદ્ધ પરમાત્મતત્ત્વની જે ભાવના છે તે અતિશય નિર્મળ મોક્ષપદનું કારણ થાય છે તથા તેનાથી વિપરીત જે ભાવના છે તે સંસારનું કારણ થાય છે. બરાબર છે — સુવર્ણથી જે પર્યાય ઉત્પન્ન થાય છે તે સુવર્ણમય અને લોહથી જે પર્યાય ઉત્પન્ન થાય છે તે લોહમય હોય છે.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સદ્બોધ ચંદ્રોદય, શ્લોક-૨૦ )

* આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. (અને) ધ્યાન-ધ્યેયાદિક સુતપ ( અર્થાત્ ધ્યાન, ધ્યેય વગેરેના વિકલ્પવાળું શુભ

તપ પણ) કલ્પનામાત્ર રમ્ય છે;-આવું જાણીને ધીમાન્ (-બુદ્ધિમાન પુરુષ) સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતાં (-લીન થતા) એવા સહજ પરમાત્માનો એકનો આશ્રય કરે છે.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૧૨૩)

* કેવળ આત્મદર્શન તે જ પરમાર્થ છે બીજું બધું વ્યવહાર છે. ત્રણુલોકનો જે સાર છે એવા એક આ પરમાર્થને જ યોગીઓ ધ્યાવે છે.

(મુનિવર રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૬૮)

* યોગીજનો આત્માને કર્મ-નોકર્મથી રહિત—જ્ઞાનાવરણાદિ દ્રવ્ય-કર્મો, રાગદ્વેષાદિ ભાવકર્મો અને શરીરાદિ નોકર્મોથી રહિત, અમૂર્તિક—સ્પર્શ-રસ-ગંધ-વર્ણ વિહીન, અજર-અમર—જન્મ-જરા-મરણથી રહિત, નિર્વિશેષ—વિશેષ અથવા ગુણભેદથી રહિત, સામાન્યસ્વરૂપ અને સર્વ પ્રકારના સંબંધો અને બંધનોથી રહિત સ્વતંત્ર (સ્વાધીન) બતાવે છે.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, જીવ અધિકાર, ગાથા-૫૨)

* અપનેસે ભિન્ન દેહ રાગાદિકોંસે તુજે કયા પ્રયોજન હૈ? દેહમેં રહતા હુઆ ભી નિશ્ચયસે દેહસ્વરૂપ જો નહીં હોતા, વહી નિજ શુદ્ધાત્મા ઉપાદેય હૈ.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૧, ગાથા-૨૯)

* ઇસ સર્વ જ્ઞાનકા સાર યહી હૈ જો સર્વ હી નાશવંત ક્ષણિક સાંસારિક પર્યાયોંસે વિરક્ત હોકર શુદ્ધસ્વભાવકો સાર સમજ જાવે; અપને હી આત્માકે રાગાદિ રહિત વ કર્મમલ રહિત સ્વભાવકો સાર યા ઉપાદેય સમજ જાવે.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, ગાથા-૯૦૧)

* આત્માને રાગ-દ્વેષ અને મોહાદિ જે કાંઇ વિકાર છે — વિભાવ પરિણમન છે — તે બધાં મેઘજન્ય સૂર્યના વિકારોની જેમ કર્મજનિત છે.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ.-૨, ગાથા-૪૬)

* જે નિજભાવને છોડતો નથી, કાંઇપણ પરભાવને ગ્રહતો નથી, સર્વને જાણે-દેખે છે, તે હું છું — એમ જ્ઞાની ચિંતવે છે.

(શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા-૯૭)

* (અમારા આત્મસ્વભાવમાં) વિભાવ અસત્ હોવાથી તેની અમને ચિંતા નથી; અમે તો હૃદયકમળમાં સ્થિત, સર્વ કર્મથી વિમુક્ત શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ, કારણ કે અન્ય કોઇ પ્રકારે મુક્તિ નથી જ, નથી જ. (શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક ૩ )

* શુદ્ધ ચિદ્રૂપનું સ્મરણ તજીને જે જીવ અન્ય કાર્ય કરવા ઇચ્છે છે તે દુર્બુદ્ધિ જીવ અમૂલ્ય ચિંતામણિરત્નને તજીને પથ્થર ગ્રહવા લલચાય છે. (શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૯, શ્લોક-૧૪)

* સબ કોઈ કહતે હૈં કિ જિનદેવ તીર્થમેં ઔર દેવાલયમેં વિદ્યમાન હૈં. પરંતુ જો જિનદેવકો દેહ-દેવાલયમેં વિરાજમાન સમજતા હૈ ઐસા પંડિત કોઈ વિરલા હી હોતા હૈ. (શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૪૫)

* મૂઢ જીવો, લોકો દ્વારા બનાવેલા દેવળમાં દેવને શોધે છે, પણ પોતાના જ દેહદેવળમાં શિવ-સંત બિરાજમાન છે તેને તેઓ દેખતા નથી. (મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૮૦)

* આત્મપ્રત્યક્ષ કરવાવાળા જ્ઞાની પોતાને પોતે એક જ્ઞાનનું જ પાત્ર હોવાથી તથા બદ્ધ-સ્પૃષ્ટાદિ ભાવો પોતાનું સ્વરૂપ નહિ હોવાથી પોતાને બદ્ધ-સ્પૃષ્ટાદિ ભાવોનું અપાત્ર સમજે છે.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૩૩)

* જો ક્રોધાદિ કષાયોંકી હવાસે સ્પર્શિત નહીં હોતા હૈ, જો જ્ઞાનરૂપી અગ્નિકો ધારનેવાલા હૈ, જો નિર્મલપને ઉદ્યોતમાન હૈ ઐસા ચૈતન્યરૂપી દીપક જગતમેં પ્રકાશમાન હૈ તો ક્યા વહ મોહરૂપી અંધેરેકો નહીં ખંડન કરેગા? વાસ્તવમેં વહ દીપક મૈં આત્મા હી હૂં.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સદ્બોધ ચંદ્રોદય, શ્લોક-૩૭)

* પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વિરલ છે—ક્યાંક ક્યાંક છે. તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયનાગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે—"શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી." (શ્રી સમયસાર ગાથા-૧૧ના ભાવાર્થમાંથી)

( તા. ૧૯-૭-૮૯ )

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પવિત્ર તીર્થભૂમિ સોનગઢ —ભરતક્ષેત્રનું વિદેહધામ પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવ-ગુરુભક્તિભીની તેમ જ અધ્યાત્મરસપ્રધાન શીતલ છાયામાં નિયમિત અધ્યાત્મતત્ત્વપ્રમુખ ધાર્મિક કાર્યક્રમ તેમ જ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ ભક્તિભાવસ્યન્દી અનેકવિધ અવસરોથી સદાય ગૂંજતું રહે છે. પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના ‘ શ્રી સમયસાર ’ ( સત્તરમીવારના ) તેમ જ સાંજે ‘ શ્રી કળશટીકા ’ ( ૧૯૬૭ના ) ઉપર અધ્યાત્મરહસ્યભરપૂર ટેપ-પ્રવચન, બપોરે શાસ્ત્ર-પ્રવચન અને ત્યાર બાદ જિનેન્દ્રભક્તિ, રાત્રે શ્રી ગોગીદેવી બ્ર૦ આશ્રમમાં બ્ર. બહેનો દ્વારા મહિલા-શાસ્ત્રસભા, વિશેષ પ્રસંગે આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા પૂજા તેમ જ ભક્તિનો અત્યન્ત રોચક મનોજ્ઞ કાર્યક્રમ ઈત્યાદિ ક્રમ બરાબર ચાલે છે.

* સુવર્ણપુરીની અનુપમ શોભા, દેશનાલબ્ધિનું એકમાત્ર સાધન સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સ્વાત્મસાધના સહિત સુખરૂપ બિરાજમાન છે; શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે, સમાગત મહેમાનો તેમ જ સ્થાનિક મુમુક્ષુઓને તેમના દર્શન તથા તેમના સ્વાનુભવભીના અધ્યાત્મ-અમૃતનો પણ અનુપમ લાભ મળે છે.

* પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનું અમૂલ્ય સૌભાગ્ય પ્રાપ્ત થવાની ખુશાલીમાં—

રૂ. ૫૧૧૧/– ડો. સ્મીતાબેન ભરતભાઈ શાહ, અમદાવાદ ( હ. રિદ્ધિ તથા સુજય )
—તરફથી શ્રી નંદીશ્વર જિનાલય આદિ વિવિધ દાન ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દીના મંગલ અવસરે રાખવામાં આવેલ શ્રી સિદ્ધચક્રમંડળ વિધાન પૂજા નીચે દર્શાવેલ મુમુક્ષુઓ તરફથી રાખવામાં આવી હતી. ( ગતાંકથી ચાલુ )

૩૬. શ્રી લીલાબેન ધીરજલાલ બોરડીયા, મુંબઈ
૩૭. „ મુક્તાબેન હિંમતલાલ ડગલી, વીંછીયા
૩૮. „ પ્રવિણભાઈ દોશી, બેંગલોર
૩૯. „ હિંમતલાલ છોટાલાલ જોબાલિયા સોનગઢ
૪૦. „ દિલ્હી મુમુક્ષુવૃંદ, દિલ્હી
૪૧. „ હીરાભાઈ ભીખાભાઈ શાહ, દહેગામ
૪૨. શ્રી મહાસુખરાય ભૂપતરાય દોશી, ઘાટકોપર
૪૩. „ જ્યોતિબેન પ્રવિણચંદ્ર મહેતા, સાંતાક્રુઝ
૪૪. „ ખેમરાજજી દુલીચંદજી જૈન, ખૈરાગઢ
૪૫. „ લાલચંદ રૂગનાથ
૪૬. „ કમળાબેન હરીલાલ કોઠારી
૪૭. „ દેવજીભાઈ કચરાભાઈ શાહ

## વૈરાગ્ય સમાચાર—

✻ કલોલનિવાસી શ્રી અમરતબેન આત્મારામભાઈ ( વર્ષ–૮૦ લગભગ) તા. ૧૭–૪–૮૯ ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

✻ મદ્રાસનિવાસી શ્રી ભાઈલાલભાઈના પુત્રવધૂ નલીનીબેન પ્રવિણચંદ્ર શાહ (વર્ષ–૪૫) તા. ૨૫–૪–૮૯ ના રોજ કેન્સરની ટૂંકી બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે.

✻ અમદાવાદનિવાસી શ્રી જયંતીલાલ સાકળચંદ શાહ ( ડૉ. ભરતકુમારના પિતાશ્રી ) (વર્ષ–૬૬) તા. ૮–૫–૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને ગુરુકહાન જન્મશતાબ્દી ઉજવવા સોનગઢ આવવાની ઘણી જ ભાવના હતી.

✻ નાઈરોબીનિવાસી શ્રી વીરપારભાઈ નરશી (મુમુક્ષુમંડળના ચેરમેન શ્રી કરમણભાઈના મોટાભાઈ) (વર્ષ–૮૯) તા. ૨૨–૫–૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ૧૯૫૩ થી પૂજ્ય ગુરુદેવશ્રીના સાન્નિધ્યમાં આવ્યા હતા. તેમને તત્ત્વની ઘણી રુચિ હતી. તેઓ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

✻ વઢવાણનિવાસી શ્રી અમૃતલાલ જેચંદભાઈ દોશી તા. ૨૯–૫–૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

✻ કલકત્તાનિવાસી શેઠ શ્રી ગજરાજજી ગંગવાલના પુત્રી શ્રી ઉલ્લાસીબેન( વર્ષ–૬૦ ) તા. ૫–૬–૮૯ ના રોજ બિકાનેર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સુધી સોનગઢમાં રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ-અમૃતવાણીનો તેમ જ પૂજ્ય બહેનશ્રીનો ઘણો લાભ લીધો હતો.

✻ રાણપુરનિવાસી ( હાલ બોરીવલી ) શ્રી ધીરજબેન જયંતીલાલ જોબાલીયા (વર્ષ–૬૦) તા. ૪–૬–૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગ ધર્મનું શરણ પામી શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—✻—

## જાહેરાત

ટ્રસ્ટના એકાઉન્ટનું કામ સંભાળી શકે એવા એક સારા આસીસટન્ટ એકાઉન્ટન્ટની જરૂર છે. જો મુમુક્ષુ હોય તો તેને પ્રાથમિકતા આપવામાં આવશે. ઉમેદવારોએ આ અંગે પોતાનું ભણતર, લાયકાત, અનુભવ, પગાર અને સ્થાનિક મુમુક્ષુમંડળના બે હોદ્દેદારો અથવા ટ્રસ્ટના ટ્રસ્ટીનો ભલામણ પત્ર અને ઉપરોક્ત ભણતર, અનુભવ, વિ. અંગેના સર્ટીફીકેટની નકલો સાથે ટ્રસ્ટને તા. ૧–૮–૮૯ પહેલાં અરજી મોકલી આપવી.

—મેનેજર

શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ, સોનગઢ, ૩૬૪૨૫૦

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી-મહોત્સવ અંતર્ગત

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો

# ૭૬ મો

# જન્મજયંતી મહોત્સવ

[ તા. ૧૪-૮-૮૯ થી તા. ૧૮-૮-૮૯ ]

અત્યંત આનંદોલ્લાસ પૂર્વક જણાવવાનું કે—અધ્યાત્મ-યુગસ્રષ્ટા. સ્વાનુભવ-પ્રેરણામૂર્તિ. પરમાગમરહસ્યોદ્ઘાટક. સ્વાનુભૂતિ-પથપ્રકાશક, કરુણાસાગર. પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના પરમભક્ત પ્રશમરસનિમગ્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૬ મી મંગલ જન્મજયંતી ( શ્રાવણ વદ બીજ )ના ઉપલક્ષમાં તા. ૧૪-૮-૮૯ સોમવારથી તા. ૧૮-૮-૮૯ શુક્રવાર ( શ્રાવણ વદ બીજ ) સુધી પાંચ દિવસનો અતિ ભવ્ય ઉત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ પવિત્ર સમારોહ 'શ્રી ચોંસઠ ઋદ્ધિમંડલ વિધાન પૂજા' પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવમસ્તીભર્યા આધ્યાત્મિક વિડિયો-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસપૂર્ણ વિડિયો તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન, વિડિયો દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન, આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહ તથા ઘાટકોપર તેમ જ વઢવાણની ભજનમંડળી દ્વારા જિનેન્દ્રભક્તિ. તા. ૩૦-૭-૮૯ રવિવારથી તા. ૧૮-૮-૮૯ શુક્રવાર સુધી ચાલનારો વીસ દિવસીય પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ, પૂજ્ય બહેનશ્રીના સાધનામય જીવનના વિષયમાં સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ મનોરમ કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવશે.

સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે સર્વે સાધર્મીઓને આ મહાન અવસરનો લાભ લેવા હાર્દિક અનુરોધ છે.

—નિવેદક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

પ્રમુખ-હસમુખલાલ પોપટલાલ વોરા

અધ્યાત્મવિદ્યાધામ સુવર્ણપુરીમાં—

# * પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ *

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ તીર્થધામ સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રીની ૭૬મી જન્મજયન્તી ( તા. ૧૪-૮-૮૯ થી તા. ૧૮-૮-૮૯ )ના શુભ-અવસરે તા. ૩૦-૭-૮૯ રવિવારથી તા. ૧૮-૮-૮૯ સુધી ૨૦ દિવસનો પુરુષો માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણાર્થી મુમુક્ષુઓને હાર્દિક આમંત્રણ છે. શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. પોતાનું બેડીંગ, આવશ્યક વસ્તુ તથા સમયસાર, પ્રવચનસાર, છઢાળા, પ્રશ્નોત્તરમાળા પોતાની પાસે હોય તો સાથે લાવવા વિનંતી.

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/– પ્રત : ૩૨૦૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 ( INDIA )

Licence No. 3 'Licensed to post without prepayment'

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012